સંવત્ ૨૦૬૨ પોષસુદ ૨

સને. ૨૦૦૬ તા. ૧-૧-૦૬



-: પ્રકાશક :-
શ્રીસ્વામિનારાયણ
મંદિર ભુજ - કચ્છ.

કમ્પોઝ સેટીંગ
શ્રીનરનારાયણદેવ કોમ્પ્યુટર
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

## निष्कुलानन्दमुनिकृत काव्य संग्रहे

# ભક્તિનિધિઃ

www. jayswaminarayan.org

**સોરઠા—** પ્રણમું પુરુષોત્તમ, અગમ નિગમ જેને નેતિ કહે । તે શ્રીહરિ થાઓ સુગમ, રમ્યરૂપ સાકાર સહિ ॥૧॥ એવા વસો મારે ઉર, દૂર કરવા દોષ દીનબંધુ । તે થાય ભક્તિ ભરપૂર, હજૂર રાખજો હરિ હેત કરી ॥૨॥

**દોહા—** ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ । ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદેછે ચારે વેદ ॥૩॥ પરોક્ષ ભક્ત પામે નહિ, મનમાની મોટી મોજ । શાસ્ત્ર સર્વે શોધીને, ખરી કરી લ્યો ખોજ ॥૪॥

**રાગ ધન્યાસરી—** શ્રી પુરૂષોત્તમ પૂરણ બ્રહ્મજી, નેતિનેતિ કહી જેને ગાય નિગમજી । અતિ અગાધ જે સહુને અગમજી, તે પ્રભુ થયા આજ સુગમજી ॥૧॥ **ઢાળ—** સુગમ થયા શ્રીહરિ, ધરી નર તનને નાથજી । જીવ બહુ કહું જક્તના જેહ, તેહને કરવા સનાથજી ॥૨॥ આપ ઈચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ । દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ ॥૩॥ લે'રી આવ્યા આજ લે'રમાં, અતિ મે'ર કરી મે'રબાન । અનેક જીવ આશ્રિતને, આપવા અભયદાન ॥૪॥ અઢળ ઢળ્યા અલબેલડો, કહું કસર ન રાખી કાંય । કૈક જીવ કૃતાર્થ કીધા, મહાઘોર કળિનીમાંય ॥૫॥ ભાગ્યશાળી બ્રહ્મમોહોલનાં, કર્યાં આપે આવી અગણિત । નિર્દોષ કિધાં નરનારને, રખાવી રૂડી રીત ॥૬॥ નૌતમ શક્કો સંસારમાં, આવી નાથે ચલાવિયો નેક । જે સાંભળ્યો નો'તો શ્રવણે, તે વર્તાવ્યો સહુથી વિષેક ॥૭॥ પૂરણ પુરૂષોત્તમ પોતે, સરવેશ્વર સર્વના શ્યામ । જેની ઉપર જડે નહિ બીજો, તેહ કરે ધારે જેહ કામ ॥૮॥ પ્રબળ પ્રતાપી પધારતાં, સમઝવું શું શું ન થાય ? । સમર્થ સહુથી શ્રીહરિ, જે પૂરણકામ કે'વાય ॥૯॥ અતિ અગમ તે સુગમ થયા, થયા સેવી સુખ લેવા લાગ્ય । નિષ્કુલાનંદ મળ્યા એહ જેહને, તેહનાં ઉઘડિયાં ભાગ્ય ॥૧૦॥ કડવું ॥૧॥

ભાગ્ય જાગ્યાં આજ જાણવાં જેને ભેટ્યા ભગવાનજી, ત્રિલોકમાં ના'વે કોઈ તેહને સમાનજી । જેહને મળિયા પ્રભુ મૂર્તિમાનજી, જેહ મૂર્તિનું ધરે ભવ બ્રહ્મા ધ્યાનજી ॥૧॥ **ઢાળ—** ધ્યાન ધરે જેનું જાણજો, અજ ઈશ સરીખા સોઈ । તોયે અતિ અકળ છે એહને, જથારથ જાણે નહિ કોઈ ॥૨॥ એવી અલૌકિક મૂરતિ, અમાયિક અનુપ અમાપ । આગમ નિગમ ને અગોચર અતિ, તેનો કરી શકે કોણ <u>૧</u>થાપ ॥૩॥ થાપ ન થાયે એવા આગમે, વર્ણવિયા વારમવાર । તેહ પ્રભુને કેમ પામિએ, જેનો કોઈ ન પામિયા પાર ॥૪॥ તેહ હરિ નરતન ધરી, આપે આવે અવનિ મોઝાર । ત્યારે મળાય એ મૂર્તિને, જ્યારે નાથ થાય નરઆકાર ॥૫॥ મહારાજ થાય જ્યારે મનુષ્ય જેવા, દેવા જીવોને અભયદાન । ત્યારે પલ પાકે સહુ પ્રાણધારીની, જ્યારે ભૂમિ આવે ભગવાન ॥૬॥ ત્યારે ભક્તને ભક્તિ કરવા, ઉઘડે દ્વાર અપાર । થાય

www. jayswaminarayan.org
www. bhujmandir.org

સેવકને સેવ્યા સરખા, જ્યારે પ્રગટે પ્રાણ આધાર ।।૭।। ત્યારે સુગમ થાય છે સહુને, પ્રાણધારીને પરમાનંદ । ન હોય દરશ સ્પર્શનું દોયલું, સદા સોયલા હોય સુખકંદ ।।૮।। સાકાર સુંદર મૂરતિ, જોઈ જન મગન મન થાય । પછી સેવા કરી એવા શ્યામની, મોટું ભાગ્ય માનવું મનમાંય ।।૯।। પણ મૂરતિ મૂકી મહારાજની, બીજાું માગવું નહિ બાળક થઈ । નિષ્કુલાનંદ નિર્ભય થાવા, હરિભક્તિ વિના ઈચ્છવું નહિ ।।૧૦।। કડવું ।।૨।।

જોને કોઈક કરેછે જપ તપ તીર્થજી, વ્રત દાન પુણ્ય કરે હરિ અર્થજી । સત્ય જોગ જગને વાવરે ગર્થજી, જેવી હોય તને મને ધને સામર્થજી ।।૧।। **ઢાળ—** સામર્થ પ્રમાણે સહુ કરે, વળી કસર ન રાખે કોઈ । શુદ્ધ મન શુદ્ધ ભાવ શ્રદ્ધાએ, શુદ્ધ આદરે કરે સોઈ ।।૨।। એમ પ્રસન્ન કરી પરબ્રહ્મને, કરે અલ્પ સુખની આશ । તે શિશુ સમઝણ સેવકની, ત્યાગી તુપને માગી છાશ ।।૩।। જેમ રિઝવે કોઈ રાજનને, પ્રસન્ન કરીને માગે પિયાજ । તે આપતાં અતિ અવનીશને, લાગે લોકમાં ઘણી લાજ ।।૪।। માટે સેવા ખરી હરિની કરી, માગિયે નહિ માયિક સુખ । જે પામી પડે પાછું પડવું , રહે જેમ હોય તેમ દુઃખ ।।૫।। તે શોધી સર્વે સમઝવું, જોઈ લેવું જીવમાં જરૂર । અંતવત સુખ ઈચ્છતાં, કેદિ દુઃખ ન થાય દૂર ।।૬।। જેમ કણ મૂકી કુકસને, જાચે તુષને તજી તાંદૂળ । તેમ મૂરતિ મૂકી મહારાજની, ન માગવું સુખ નિર્મૂળ ।।૭।। ચાર પ્રકારની મુગતિ, અતિ સુખદ કહે સુજાણ । પણ મૂર્તિ મનોહર માવની, મૂકી ઈચ્છે એહને એજ અજાણ ।।૮।। જેમ ફોગટ ફળ ફુલ નહિ, મળે ફળ તો ફજેતીએ ભર્યાં । એવાં અલ્પ સુખ આવતાં, કહો કારજ સરે શું સર્યાં ? ।।૯।। માટે રાજી કરી રંગરેલને, માગવું વિચારીને મન । નિષ્કુળાનંદ ન માગવું, જેને માથે હોય વિઘન ।।૧૦।। કડવું ।।૩।।

વિઘને ભર્યાં સુખ સારૂં સાધનજી, કરતાં મુઝાય છે શુદ્ધ સંતનાં મનજી । તે કેમ કરી શકે જાણો એ જનજી, જેને ઉપર છે અનંત વિઘનજી ।।૧।। **ઢાળ—** વિઘન વિવિધ ભાતનાં, રહ્યાં સાધન પર સમોહ । સુર અસુર ઈચ્છે પાડવા, પ્રેરી કામ ક્રોધ લોભ મોહ ।।૨।। જપતાં જાપ બાપ આપણે, પ્રહ્લાદજીને પીડા કરી । સત્ય રાખતાં હરિશ્ચંદ્ર શિબિ, નળ મુદગળ ન બેઠા ઠરી ।।૩।। તપ કરી ત્રિલોકમાં, પામી પડિયા પાછા કઈ । એમ કરી તન તાવતાં, સુખ અટળ આવ્યું નહિ ।।૪।। વ્રત રાખતાં અંબરીષ પીડયો, દાન દેતાં પીડાયો નર ઘોષ । પુણ્ય કરતાં પાંડવ પંચાલી, આવ્યા દુર્વાસા દેવા દોષ ।।૫।। જોગે પીડાણા શુક જડભરત, જગને પીડાણો નહૂષ ભૂપાળ । બળી વળી દધિચિ ઋષિ, રંતિદેવ સરીખા દયાળ ।।૬।। એવી અનેક પ્રકારની આપદા, આવી સત્યવાદી પર સોઈ । વનવાસી ત્યાગી વૈરાગી, વણ વિપતે નહિ કહું કોઈ ।।૭।। જેજે જને એહ આદર્યું, પરલોક પામવા કાજ । તેતે જનને જાણજો, સુખનો ન રહ્યો સમાજ ।।૮।। વિઘન બહુ વિધવિધનાં, ભર્યાં ભવમાંહિ ભરપૂર । પરલોક ન દિયે પામવા, જન જાણી લેજો જરૂર ।।૯।। માટે વાટ એ તે મૂકવી, સમઝી વિચારીને શુભમતિ । નિષ્કુળાનંદ કે' નિર્ભય થાવા, કરવી હરિની ભગતિ ।।૧૦।। કડવું ।।૪।।

**પદરાગ આશાવરી—** સંતો ભક્તિ ઉપર ભય શાનો, તેતો મન કર્મ વચને માનોરે; સંતો૦ । ટેક-જપ તપ તીરથ જોગ જગન, દાન પુણ્ય સમાજ શોભાનો । પામી પુન્ય ખુટે પડે પાછા, તેમાં કોણ મોટો કોણ નાનોરે; સંતો૦ ।।૧।। ધ્યાન ધારણા સમાધિ સરવે, કુંપ અનુપ કાચનો । ટકે નહિ કેદિ ટોકર વાગે, તો શિયો ભરૂંસો બીજાનોરે; સંતો૦ ।।૨।। જ્ઞાની ધ્યાનીને લાગ્યા ધક્કા ધરપર, જાણો નથી ફજેતો એ છાનો । નિર્ભય પ્રાપતિ ન રહિ કેની, જોઈ લીધો દાખડો ઝાઝાનોરે; સંતો૦ ।।૩।। સર્વે પર વિઘન સભરભર, નિર્ભય ભક્તિ ખજાનો । નિષ્કુલાનંદ કે' ન ટળે ટાળતાં, ટળે તોય કળશ સોનાનોરે; સંતો૦ ।।૪।। પદ ।।૧।।

નિરવિઘન છે નાથની ભક્તિજી, જેમાં વિઘન નથી એક રતિજી । સમઝીને કરવી સદાય શુભ મતિજી, તો આવે સુખ અલૌકિક અતિજી ।।૧।। **ઢાળ—** અલૌકિક સુખ આવે, જો ભાવે ભક્તિ ભગવાનની । તે વિના ત્રિલોક સુખને, માને શોભા મીયાંનની ।।૨।। મૂરતિ મૂકી મન બીજે, લલચાવે નહિ લગાર । અન્ય સુખ જાણ્યાં ફળ અર્કનાં, નિશ્ચે નિરસ નિરધાર ।।૩।। એમ માની માને સુખ ભાવમાં, કરે ભક્તિ ભાવે સહિત । ભક્તિ વિના બ્રહ્મલોક લગી, ચાહે નહિ કાંઈ ચિત્ત ।।૪।। અનન્ય ભાવે કરે ભગતિ, મન વચન કર્મે કરી । ભાવે નહિ હરિ ભક્તિ વિના, એવી વાત અંતરમાં આવી ઠરી ।।૫।। નિષ્કામ ભક્તિ નાથની, જેને કરવા છે મને કોડ । બીજા સકામ ભક્ત સમૂહ હોય, તોય હોય નહિ

www.jayswaminarayan.org www.bhujmandir.org

એની હોડ ॥૬॥ એવી ભક્તિને આદરે, જેમાં લોકસુખ નહિ લેશ । તેમ સુખ શરીરનું, ઈચ્છે નહિ અહોનેશ ॥૭॥ મેલી ગમતું નિજ મનનું, હાથ જોડી રહે હરિ હજુર । સેવા કરવા ઘનશ્યામની, ભાવ ભિંતરમાં ભરપૂર ॥૮॥ ભાવે જેવું ભગવાનને, સમો જોઈ કરે તેવી સેવ । પણ વણ સમે વિચાર વિના, ત્યાર ન થાય તતખેવ ॥૯॥ એવા ભક્તની ભગતિ, વા’લી લાગે વા’લાને મન । નિષ્કુલાનંદ કહે નાથજી, તે ઉપર થાય પ્રસન્ન ॥૧૦॥ કડવું ॥૫॥

પ્રસન્ન કરવા ઘણું ઘનશ્યામજી, કરો હરિભક્તિ અતિ હૈયે કરી હામજી । જે ભક્તિ અતિ કા’વે નિષ્કામજી, ધર્મસહિત છે સુખનું ધામજી ॥૧॥ **ઢાળ—** ધામ સર્વે સુધર્મ સોતી, ભક્તિ અતિ ભક્ત કરે । તેને તોલે ત્રિલોક માંહિ, સમઝી જુવો નહિ નિસરે ॥૨॥ જેણે આલોકસુખની આશા મેલી, પરલોક સુખ પણ પરહર્યાં । એક ભક્તિ ભાવી ભગવાનની, વિષયસુખ વિષ સમ કર્યાં ॥૩॥ જેણે પંચ વિષયશું પ્રિત ત્રોડી, જોડી પ્રીત ભક્તિ કરવા । તજી મમત તન મનની, તેને રહી કહો કેની પરવા ॥૪॥ રાજી કુરાજીયે કોઈને, નવ વણસે સુધરે વાત । નથી એથી સુખ મળવા ટળવા, જોઈએ હરિ રાજી રળીયાત ॥૫॥ પરબ્રહ્મને પ્રસન્ન કરવા, કરે ભક્તિ માહાત્મ્યે સહિત । ધરી દઢ ટેક એક અંતરે, તે ફરે નહિ કોઈ રીત ॥૬॥ નિષ્કપટ નાથની ભગતિ, સમઝો સુખ ભંડાર છે । એની બરાબરી નોય કોઈ બીજું, એતો સર્વે સારનું સાર છે ॥૭॥ સાચી ભક્તિ ભગવાનની, સર્વે શિર પર મોડ છે । બીજાં સાધન બહુ કરે, પણ જુઓ એની કોઈ જોડ છે? ॥૮॥ જેમ ગળપણમાં શર્કરા ગળી, વળી રસમાં સરસ તુપ । જેમ અંબરે સરસ જરકસી, તેમ ભક્તિ અતિ અનુપ ॥૯॥ એવી અનુપમ ભગતિ, ભાવી ગઈ જેને ભીંતરે । નિષ્કુલાનંદ કે’ સર્વે સાધન, એની સમતા કોણ કરે ॥૧૦॥ કડવું ॥૬॥

ભક્તિ સમાન નથી ભવમાં કાંયજી, સમઝુ સમઝો સહુ મનમાંયજી । પ્રભુ પ્રસન્ન કરવા છે અનુપ ઉપાયજી, તેને તુલ્ય બીજું કેમ કે’વાયજી ॥૧॥ **ઢાળ—** કે’વાતો નથી કલ્પતરૂં, નવ નિધિને સિદ્ધિ સમેત । કામદુઘા અમૃતની ઉપમા, ન ઘટે કહું કોઈ રીત ॥૨॥ જેમ મંદારમાં સાર બહુ બાવના ચંદન, પાષાણમાં સાર પારસ । સપ્ત ધાતુમાં સરસ સુવર્ણ, તેમ ભક્તિ સાધનમાં સરસ ॥૩॥ જેમ પન્નગારી પંખીયોમાં સરસ, શૈલમાં સરસ કુસુમેર । તેમ ભક્તિ સરસ સર્વ સાધને, એમાં નથી કહું કાંઈ ફેર ॥૪॥ જેમ તેજોમય તનમાં સરસ સૂર્ય, શીતળ તનમાં સરસ શશિ । તેમ ભક્તિ સરસ સર્વે રીતે, આપું ઉપમા એને કશી ॥૫॥ જેમ પાત્રમાં અક્ષયપાત્ર સરસ, નાણામાં સરસ સુવર્ણમો’ર । તેમ ભક્તિ સરસ છે ભવમાં, એમ લખ્યું છે ઠોરમઠોર ॥૬॥ જેમ પંચભૂતમાં શૂન્ય સરસ, સર્વે અમરમાં અમરેશ । તેમ ભક્તિ સરસ ભગવાનની, એમાં નથી ફેર લવલેશ ॥૭॥ જેમ કુંપે સરસ રસ કુંપકા, ભૂપે સરસ પ્રિયવ્રત । રૂપે સરસ કામદેવ કહીયે, તેમ ભક્તિથી નૂન્ય બીજાં કૃત્ય ॥૮॥ કર્તવ્ય કરીને કાંઈક પામે, તે વામે કોઈ કાળે કરી । ભક્તિ એ ગતિ નિર્ભય અતિ, એમ શ્રીમુખે કહેછે શ્રીહરિ ॥૯॥ એમ ભક્તિ ભગવાનની, વર્ણવી સહુથી સરસ । નિષ્કુલાનંદ કે’ તે વિના બીજાં, નિશ્ચે દેખાડ્યાં નરસ ॥૧૦॥ કડવું ॥૭॥

ભક્તિ સમાન નથી સાધનજી, વારમવાર વિચારૂં છું મનજી । જેસારૂં જન કરેછે જતનજી, તેમાં સુખ થોડું દુઃખ રહ્યું છે સઘનજી ॥૧॥ **ઢાળ—** સઘન દુઃખ સાધનમાં, જેના ફળમાં બહુ ફેલ । માને સુખ તેમાં મૂરખા, જે હોય હૈયાના ટળેલ ॥૨॥ જેમ સોનરસથી સોનું કરતાં, જોયે સવાલાખ ચડી-ચોટ । એક લાખ તૈયે ઉપજે, જાયે પા લાખની ખોટ ॥૩॥ તેમ સાધન કરી શરીર દમે, વળી પામે તે માંહિથી સુખ । તે સુખ જાય જોતાંજોતાં, પાછું રહે દુઃખનું દુઃખ ॥૪॥ જેમ વટે અમટ અરુણ ફળ, ખાવા કરે કોઈ ખાંત । રાતાં છે પણ રસ નથી, એમ સમઝી લેવો સિદ્ધાંત ॥૫॥ તેમ સુખ સર્વે લોકનાં, સુણી કરે હૈયે કોઈ હામ । જેમ અવલ ફુલ આવળનાં, પણ નાવે પૂજામાંહિ કામ ॥૬॥ જેમ ત્રોડતાં ફળ તાડતણાં, થાય મહેનતના બહુ માલ । ખાતાં થાય બહુ ખરખરો, વળી વાધે શોક વિશાળ ॥૭॥ અમૃત વેલી અલ્પ ભલી, વધુ તોય ભુંડી વિષવેલ । તેમ ભક્તિ થોડી તોય ભલી, છે સર્વે સુખની ભરેલ ॥૮॥ પંચ્યાણ આપે પાંચ રોકડા, લપોડ શંખ કહે લેને લાખ । પણ ગણીને ગાંઠે બાંધ્યાતણી, વળી કોયે ન પુરે સાંખ ॥૯॥ તેમ હરિભક્તિથી સુખ મળે, તેવું સુખ બીજાથી ન થાય । નિષ્કુલાનંદ કહે નરને, જાણી લેવું એવું મનમાંય ॥૧૦॥ કડવું ॥૮॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

**પદરાગ આશાવરી –** સંતો જુવો મનમાં વિચારી, સાચી ભક્તિ સદા સુખકારીરે; સંતો૦ ટેક - જૂઠી ભક્તિ જક્તમાં કરેછે, સમઝયા વિના સંસારી । ખોવા રોગ ખાયછે રસાયણ, દિધા વિના દરદારીરે; સંતો૦ ॥૧॥ વણ પૂછે વળી ચાલેછે વાટે, જે વાટે નહિ અન્ન વારી । નહિ પો'ચાયે નહિ વળાયે પાછું, થાશે ખરી જો ખુવારીરે; સંતો૦ ॥૨॥ આ ભવમાં ભૂલવણી છે ભારે, તેમાં ભૂલ્યાં નરનારી । જિયાં તિયાં આ જનમ જાણજો, હરિભક્તિ વિના બેઠાં હારીરે; સંતો૦ ॥૩॥ ભક્તિ વિના ભવપાર ન આવે, સમઝો એ વાત છે સારી । નિષ્કુલાનંદ કહે નિર્ભય થાવા, ભક્તિનિધિ અતિ ભારીરે; સંતો૦ ॥૪॥ પદ ॥૨॥

ભક્તિમાં પણ ભર્યા છે ભેદજી, કરેછે જન મન પામેછે ખેદજી । એક બીજાનો કરેછે ઉચ્છેદજી, તેનો નથી કેને ઉર નિર્વેદજી ॥૧॥ **ઢાળ–** નિર્વેદ વિના ખેદ પામી, કરેછે ખેંચાતાણ । નંદે વંદેછે એક એકને, એ સહુ થાયછે હેરાણ ॥૨॥ નવે પ્રકારે કરી નાથની, ભક્તિના કહ્યા છે ભેદ । નિષ્કામ થઈ કોઈ નર કરે, તો શીદ પામે કોઈ ખેદ ॥૩॥ પણ અંતર ઉંડો અભાવછે, બહુ બળ દેખાડેછે બા'ર । જ્યાન થયું તે જાણતા નથી, કથી શું કહીયે વારમવાર ॥૪॥ જેમ લેખક કરમાં લેખ આવે, તે લઈ લેખણ લીટો કરે । હતો પરવાનો પરમ પદનો, પણ કહો એમાંથી હવે શું સરે? ॥૫॥ તેમ ભક્તિ અતિ ભલી હતી, તેમાં ભેળવ્યો ભાગ ભુંડાઈનો । ખીર બગડી ખારૂં લુણ પડયું, ટળ્યો ઉમેદ એના ઉપાઈનો ॥૬॥ તેમ ભક્તિ કરતાં ભગવાનની, આવી અહં મમતની આડ । પ્રભુ પાસળ પો'ચતાં, આડું દીધું એ લોહ કમાડ ॥૭॥ માટે નિરમમત થઈ નાથની, ભક્તિ કરો ભરી ભાવ । નિરાશી વા'લા નારાયણને, શીદ બાંધોછો જ્યાં ત્યાં દાવ ॥૮॥ સકામ ભક્તિ સહુ કરેછે, નથી કરતા નિષ્કામ કોય । તેમાં નવનીત નથી નિસરતું, નિત્ય વલોવતાં તોય ॥૯॥ ઘોઘે જઈ કોઈ ઘેર આવ્યો, કરી આવ્યો નહિ કોઈ કામ । નિષ્કુલાનંદ એવી ભક્તિ, નવ કરવી નર ને વામ ॥૧૦॥ કડવું ॥૯॥

ભક્તિ કરવી તે કલ્યાણ કાજજી, તેમાં મર જાઓ કે રહો લોક લાજજી । તાન એક ઉરમાં રાજી કરવા મહારાજજી, તેમાં તન મન થાઓ સુખ ત્યાગજી ॥૧॥ **ઢાળ–** તનમન સુખ ત્યાગીને, કરે શુદ્ધભાવે કરી ભગતિ । સમ વિષમમાં સરખી, રહે માન અપમાને એક મતિ ॥૨॥ પ્રસંશા સુણી નવ પોરસે, નિંદા સુણીને નવ મુઝાય । ઉભય ભાતનો અંતરે, હર્ષ શોક ન થાય કાંય ॥૩॥ જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ । પણ નટ ન જુવે કોઈને, જો જુવે તો બગડે કામ ॥૪॥ તેમ ભક્તિ કરતાં ભક્તને, નવ જોવા દોષ અદોષ । ગુણ અવગુણ કેના ગોતતાં, અતિ થાય અપશોષ ॥૫॥ વળી આલોકની જે આબરૂં, રહો કે જાઓ જરૂર । ભક્તિ ન મૂકવી ભગવાનની, તે ભક્ત જાણો ભરપુર ॥૬॥ જેને રીઝવવા છે રાજને, નથી રીઝવવા વળી લોક । જોઈ જય પરાજય જક્તમાં, શીદ કરે ઉર કોઈ શોક ॥૭॥ ભક્તિ કરતાં કેને ભાવે ન ભાવે, આવે કોઈને ગુણ અવગુણ । જેની નજર પો'તી છે પરાથી પર, તેને અધિક ન્યૂન કહો કુણ ॥૮॥ જેને આવડ્યું જળ તરવું, તેને ઉંડું છિછરું છે નહિ । મીન પંખીને મારગમાં, કહો આડ્ય આવે કહિ ॥૯॥ ખેચર ને ભૂચરની, જાણવી જુજવી ગતી । નિષ્કુલાનંદ કે' નોખું રહી, ભજાવી લેવી ભગતી ॥૧૦॥ કડવું ।૧૦।

સાચી ભક્તિ કરતાં કો'કેને ભાવ્યુંજી, ખરી ભક્તિમાંહિ સહુએ ખોટું ઠેરાવ્યુંજી । અણસમઝુંને એમ સમઝયામાં આવ્યુંજી, વણ અર્થી ભક્તિશું વેર વસાવ્યુંજી ॥૧॥ **ઢાળ–** વેર વસાવ્યું વણ સમઝે, સાચી ભક્તિ કરતલ સાથ । શોધી જુવો સરવાળે સહુને, મળી વળી સઈ મીરાંથ ॥૨॥ પ્રહ્લાદ ભક્ત જાણી પ્રભુના, હિરણ્યકશિપુએ કર્યા હેરાણ । તેહ પાપે કરી તેહના, ગયા પંડમાંથી પ્રાણ ॥૩॥ વસુદેવ વળી દેવકીને, જાણ્યાં જગદીશનાં જરૂર । તેને કષ્ટ કંસે આપિયું , મૂવો પાપિયો આપે અસુર ॥૪॥ પંચાલી ભક્ત પરબ્રહ્મનાં, જાણી દુઃખ દીધું દુઃશાસન । તાણ્યાં અંબર એ પાપમાં, થયું કુળ નિર્મૂળ નિકંદન ॥૫॥ પાંડવ ભક્ત પરમેશ્વરના, તેને દીધું દુર્યોધને દુઃખ । તે પાપે રાજ્ય ગયું વળી, થયું મોત રહ્યું નહિ સુખ ॥૬॥ સીતાજી ભક્ત શ્રીરામજીનાં, તેને રાવણે પાડિયા રોળ । સત્યવાદીને સંતાપતાં, આવિયું દુઃખ અતોલ ॥૭॥ તે હરિજનને હેયે હોય નહિ, જે દુઃખ દેતલને દુઃખ થાય । પણ જેમ કેગરના કાષ્ટને, બાળતાં અગ્નિ ઓલાય ॥૮॥ એમ ભક્તને ભય ઉપજાવતાં, નિર્ભય ન રહ્યા કોય । આદિ અંતે મધ્યે માનજો, હરિભક્ત નિર્ભય હોય ॥૯॥ પરમ પદને પામવા, હરિભક્તની ભીડ્ય તાણવી । નિષ્કુલાનંદ નિશ્ચે કહે, વાત આટલી જરૂર જાણવી ॥૧૦॥ કડવું ॥૧૧॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

હરિની ભક્તિનો કરતાં દ્વેષજી, આવે અંગે અંતરે કોટિ કલેશજી । તેણે કરી રહે હેરાન હમેશજી, એહમાંહી સંશય નથી લવલેશજી ॥૧॥ **ઢાળ–** લેશ સંશય નવ લેખવો, એનો દેખવો અસદ્ય ઉપાય । નાખતાં રજ સૂરજ સામી, પાછી પડે આંખ્ય મુખમાંય ॥૨॥ જે જળથી શીતળ થાય, તેને લગાડે કોઈ તાપ । તેનું તે બાળે તનને, સામુનો થાય સંતાપ ॥૩॥ વળી જે વહ્નિથી ટાઢ ટળે, તેમાંજ નાખીયે નીર । પછી બેસીયે પાસળે, શું શીત વીતે શરીર ॥૪॥ વળી જે ભોજનને કરીને ભૂખ ભાગે, તે ભોજનમાં ભેળિયે ઝેર । તે કહો સુખ કેમ આપશે, જેણે કર્યું સુખદશું વેર ॥૫॥ જે પટે ઘટ ઢાંકિયે, તે પટનો કરીયે ત્યાગ । પછી ઈચ્છિયે પ્રવીણતા, તે મૂરખ નર કહ્યા લાગ ॥૬॥ જે ભૂમિમાં અન્ન ઉપજે, તે ભૂમિમાં વિષ વવાય । પછી અમરપણું ઈચ્છવું, તેતો અતિ અવળું કે'વાય ॥૭॥ એમ અભાગી નરને, હરિભક્તિમાંહિ અભાવ । તે કેમ તરશે સિંધુતોયને, જે બેઠા પથરને નાવ ॥૮॥ ડોબું ન ગમ્યું દુઝણું, ભલી લાગી આવિયા ભેડ્ય । તજી દઈ તાંદુલને, કરી કુકશ સારૂં વઢવેડ્ય ॥૯॥ અલ્પમતિને અવળું સુજે, સવળું સૂજે નહિ લવ લેશ । નિષ્કુલાનંદ એવા નરને, આપિયે શિયો ઉપદેશ ॥૧૦॥ કડવું ॥૧૨॥

**પદરાગ આશાવરી –** સંતો અણસમઝે એમ બને, તેતો સમઝુને સમઝવું મનેરે; સંતો૦ । ટેક – ભક્તિ ન ભાવે વેર વસાવે, ગાવે દોષ નિશદિને । અર્થ ન સરે કરે અપરાધ, થાય ગુન્હેગાર વણગુન્હેરે; સંતો૦ ॥૧॥ શ્રીખંડ સદા શિતળ સુખકારી, તેને દઝાડે કોઈ દહને । અગર પણ થાય અંગારા, પ્રજાળે પ્રવરી વનેરે; સંતો૦ ॥૨॥ કલ્પતરુ મળે માગ્યો કુઠારો, દુર્મતિ થાવા દુઃખને । જેવું ઈચ્છે તેવું મળે એમાંથી, નો તપાસે એ સુરતરનેરે; સંતો૦ ॥૩॥ એમ શઠ સુખદથી સારૂં ન ઈચ્છે, કોઈ પ્રગટ્યે થર પાપને । નિષ્કુલાનંદ કે' ન જોવું એનું, પ્રકટ ભજવા આપનેરે; સંતો૦ ॥૪॥ પદ ।૩।

પ્રગટ પ્રભુની ભક્તિ અતિ સાચીજી, જેહ ભક્તિને મોટે મોટે જાચીજી । તેહ વિના બીજી છે સર્વે કાચીજી, તેહમાં ન રે'વું કેદિયે રાચીજી ॥૧॥ **ઢાળ–** રાચી રે'વું રસરૂપ પ્રભુમાં, જોઈ જીવન પ્રગટ પ્રમાણ । પછી ભક્તિ તેની ભાવશું, સમઝીને કરવી સુજાણ ॥૨॥ જોઈ મરજી જગદીશની, શિશસાટે કરવું સાબિત । સુખ દુઃખ આવે તેમાં દેહને, પણ હારવી નહિ હીંમત ॥૩॥ રામનું કામ કર્યું કપીએ, લાવી પથ્થર બાંધી પાજ । અવર ઉપાય અળગા કર્યા, રામજી રિઝવવા કાજ ॥૪॥ એજ ધ્યાન એજ ધારણા, એજ જપ તપ ને તીરથ । એજ અષ્ટાંગ યોગ સાધન, જે અવ્યાં પ્રગટને અર્થ ॥૫॥ નર નહિ એ વાનર વળી, તેણે રાજી કર્યા શ્રીરામ । ભક્તિ બીજા ભક્તની, તેહ કહો આવી શિયે કામ ॥૬॥ નર ન આવ્યા પશુપાડમાં, પશુએ કર્યા પ્રભુ પ્રસન્ન । સમો જોઈ જે સેવા કરે, તે સમાન નહિ સાધન ॥૭॥ વણ સમાની જે ભગતિ, અતિ કુરાજી કરવા કાજ । માટે જન સમો જોઈને, રાજી કરવા શ્રીમહારાજ ॥૮॥ જેહ સમે જેવું ગમે હરિને, તેવું કરે થઈ તૈયાર । તેમાં સમ વિષમે ભાવ સરખો, એક ઉરમાંહી નિરધાર ॥૯॥ એવા ભક્તની ભગતિ, અતિ વા'લી વા'લાને મન । નિષ્કુલાનંદ નિશ્ચે કરી, ન હોય કોઈ એને વિઘન ॥૧૦॥ કડવું ॥૧૩॥

પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી, કરી દીયે કામ એજ એકલીજી । એહ વિના બીજી છે ભૂલવાની ગલીજી, જગમાં જેજે કે'વાય છે જેટલીજી ॥૧॥ **ઢાળ–** જેટલી ભક્તિ જન કરેછે, પરહરી પ્રભુ પ્રગટને । તેને ભક્ત કે'વો તે ભૂપની ખોટે, જેમ પાટે બેસાર્યો મર્કટને ॥૨॥ તેણે ફાળ ભરી ફળ જોઈને, કોઈને ન પૂછી વાત । એમ પરોક્ષ ભક્તિ બહુ પેરની, લાખો લેખે ખાયછે લાત ॥૩॥ જોને વાડવ વાસી વ્રજના, જોરે કરતા હતા જગન । પણ પ્રભુ પ્રગટને જમવા, અણુભાર ન આપ્યું અન્ન ॥૪॥ જગનનું ફળ શું જડ્યું, પડ્યું પસ્તાવું પાછું વળી । એવી પરોક્ષભક્તની પ્રાપતિ, શ્રવણે લીધીછે સાંભળી ॥૫॥ ધન્ય ધન્ય એની નારીને, જેણે જમાડયા જીવન પ્રાણને । પ્રગટ પ્રભુને પૂજતાં, તે પામી પરમ કલ્યાણને ॥૬॥ માટે પ્રગટથી જેવી પ્રાપ્તિ છે, તેવી નથી પરોક્ષની માંય । એમ ભક્તિમાં બહુ ભેદ છે, સમઝુ સમઝો સદાય ॥૭॥ માટે મુખોમુખની જે વારતા, તે સમ નહિ સંદેશા તણી । કાનની સૂણી સહુ કહેછે, નથી દીઠી નજરે આપણી ॥૮॥ વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ । પણ પ્રગટ સુખ પિયુતણું, અણુ જેટલું આવ્યું નઈ ॥૯॥ માટે પ્રગટ ભક્તિ વિના પ્રાપતિ, નથી નર અમરને નિરધાર । નિષ્કુલાનંદ કહે જુવો નિહાળી, ઉંડું અંતર મોઝાર ॥૧૦॥ કડવું ॥૧૪॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

પ્રગટની ભક્તિ સારમાં સારજી, એમાં સંશય મા કરશો લગારજી । પ્રગટને ભજી પામ્યા કંઇ ભવ પારજી, ખગ મૃગ જાતિ નર ને નારજી ॥૧॥ **ઢાળ—** નર નારી અપાર ઉદ્ધર્યાં, પ્રભુ પ્રગટને પામી વળી । તેહના જેવી પ્રાપતિ, નથી કેની જો સાંભળી ॥૨॥ જેની સાથે જમ્યા રમ્યા જીવન, પુરૂષોત્તમ પ્રાણ આધાર । હળ્યા મળ્યા અઢળ ઢળ્યા, કહો કોણ આવે એની હાર ॥૩॥ જે દર્શ સ્પર્શ પરબ્રહ્મનો, નિત્યપ્રત્યે પામ્યાં નરનાર । સદા સર્વદા સંગ રહી, આપ્યાં હરિએ સુખ અપાર ॥૪॥ એવું વ્રજવાસીનું સુખ સાંભળી, શિવજીને થયો મને શોચ । કહ્યું પામત જન્મ પશુપાળનો, તો રે'ત નહિ કાંએ પોચ ॥૫॥ એવી એ પ્રગટ ભક્તિનો, શંભુએ કર્યો સત્કાર । બ્રહ્માને જે ભાગ ન આવી, તે પામિયા વ્રજના રે'નાર ॥૬॥ અજ અતિ દીન મીન થયો, પામવા પ્રસાદીકાજ । તે પામ્યાં ગોપી ગોવાળ બાળ, જે સોણે ન પામ્યો સુરરાજ ॥૭॥ વાલ્મિકે વખાણ્યા વાનરને, વ્યાસે વખાણિયા પશુપાળ । તે પ્રગટ ભક્તિ પ્રતાપથી, વાધિયો જશ વિશાળ ॥૮॥ સહુ પ્રગટ સેવી સુખ પામિયા, તમે સાંભળજો સુજાણ મળી । ડાહ્યા સાણા રહ્યા દેખતા, સુખ પામ્યા વ્રજવાસી વળી ॥૯॥ એમ પ્રગટ ભક્તિ સહુ ઉપરે, એથી ઉપરાંત નથી કાંઇ । નિષ્કુલાનંદ નિશ્ચે વારતા, સૌને સમઝવી મનમાંઇ ॥૧૦॥ કડવું ॥૧૫॥

ઉરમાંહિ કરવો એમ વિવેકજી, પ્રગટની ભક્તિ સહુથી વિષેકજી। એહને સમાન નહિ કોઇ એકજી, તે તકે મળે તો ન ભૂલવું નેકજી ॥૧॥ **ઢાળ—** તે તકે મળે તો નવ ભૂલવું, સમો જોઇ રે'વું સાવધાન । તેમાં યોગ્ય અયોગ્ય જોવું નહિ, રાજી કરવા શ્રીભગવાન ॥૨॥ ધર્મ વિચારીને ધનંજયે, યુદ્ધ કરવું નો'તું જરૂર । પણ જાણી મરજી જગદીશની, ત્યારે ભારત કર્યો ભરપૂર ॥૩॥ તેમાં કુળ કુટુંબી સગા સંબન્ધી, સહુનો તે કર્યો સંહાર । ન ગણ્યા વળી ગુરુ ગોત્રને, સહુને પમાડ્યા પાર ॥૪॥ એવું અણઘટતું કામ કર્યું, તેમાં ગયા કંઇકના પ્રાણ । તોય કુરાજી કૃષ્ણ નવ થયા, સામું કર્યા પાર્થના વખાણ ॥૫॥ એ સમે એમ ગમતું હતું, તેણે પ્રભુ થયા રળિયાત । શુભાશુભનું ક્યાં રહ્યું, સહુ જુવો વિચારી વાત ॥૬॥ એમ પ્રભુ પ્રગટને, જેહ સમે ગમે જાણો જેમ । તેમ કરવું કર જોડીને, નવ ચડવું બીજે વે'મ ॥૭॥ વળી પ્રિયવ્રતે પ્રભુ પ્રસન્ન કરવા, નિવૃત્તિ મુકીને પ્રવૃત્તિ ગ્રહિ । તેહ જેવા આ જક્તમાં, બીજા બહુ ગણાણા નહિ ॥૮॥ માટે જે ગમે પ્રભુ પ્રગટને, તેમ જનને કરવું જરૂર । તેમાં હાણ્ય વૃદ્ધિ હાર જીતનો, હર્ષ શોક ન આણવો ઉર ॥૯॥ નિઃસંશય ને નિરઉત્થાને, કરવી હરિની ભગતિ । નિષ્કુલાનંદ એ વારતા, મને માનજો છે મોટી અતિ ॥૧૦॥ કડવું ॥૧૬॥

**પદરાગ આશાવરી —** સંતો સમે સેવી લિયો સ્વામી, જેને ભજતાં રહે નહિ ખામીરે; સંતો૦ । ટેક—મટે ખોટ્ય મોટી માથેથી, કોટિક ટળીયે કામી । પૂરણ બ્રહ્મ પ્રભુ મળે પોતે, ધામ અનંતના ધામીરે; સંતો૦ ॥૧॥ જે પ્રભુ અગમ નિગમે કહ્યા, રહ્યા આગે કરભામી । તે પ્રભુ આજ પ્રગટ થયા છે, જે સર્વે નામના નામીરે; સંતો૦ ॥૨॥ અણુ એક એથી નથી અજાણ્યું, જાણો એ છે અંતરજામી । તેને તજીને જે ભજે બીજાને, તેતો કે'વાયે લુણ હરામીરે; સંતો૦ ॥૩॥ જેનાં દર્શ સ્પર્શ કરે પ્રાણી, તેનાં પાપ જાયે વામી । નિષ્કુલાનંદ કે' આનંદ ઉપજે, પૂરણ પુરૂષોત્તમ પામીરે; સંતો૦ ।૪। પદ ।૪।

પૂરણ પુરૂષોત્તમ પામીયે જ્યારેજી, તન મનમાંહિ તપાસિયે ત્યારેજી। આવો અવસર ન આવે ક્યારેજી, એમ વિચારવું વારમવારેજી ॥૧॥ **ઢાળ—** વારમવાર વિચારવું, રૂવણસવા ન દેવી વળી વાત । સમો જોઇને સેવકને, હરિ કરવા રાજી રળિયાત ॥૨॥ અવળાઇને અળગી કરી, સદા સવળું વર્તવું સંત । અવળાઇયે દુઃખ ઉપજે, વળી રાજી ન થાય ભગવંત ॥૩॥ જેમ ભૂપના ભૃત્ય ભેળા થઇ, સમા વિના કરે સેવકાઇ । જોઇ એવા જાલમ જનને, રાજા રાજી ન થાયે કાંઇ ॥૪॥ જ્યાં જોઇએ ભલુ ભાગવું, ત્યાં સામો થાય શૂરવીર । જ્યાં જોઇએ થાવું ઉતાવળું, ત્યાં ધરી રહે ધીર ॥૫॥ જ્યાં જોઇએ હારવું, ત્યાં કરે હઠાડવા હોડ । જ્યાં જોઇએ નમવું, ત્યાં કરે નમાડવા કોડ ॥૬॥ જ્યાં જોઇએ જાગવું, ત્યાં સૂવે સોડ તાણીને । જ્યાં જોઇએ બોલવું, ત્યાં બંધ કરેછે વાણીને ॥૭॥ જ્યાં ન જોઇએ બોલવું, ત્યાં બોલેછે થઇ બેવકૂબ । જ્યાં જોઇએ વસવું, ત્યાંથી ખશી જાયછે ખૂબ ॥૮॥ એવી ભક્તિ જો આવડી, જેમાં રાજી ન થાય રામ । કરવાનું તે કરે નહિ, કરે ન કરવાનું કામ ॥૯॥ એવા સેવકને શ્રીહરિ, પાસળથી પરા કરે । નિષ્કુલાનંદ એ નરને, સેવતાં સુખ શું આવ્યું સરે ॥૧૦॥ કડવું ॥૧૭॥

www.jayswaminarayan.org www.bhujmandir.org

પ્રગટ પ્રભુની જેને ભક્તિ ન આવડીજી, તેને તો ભૂલ્ય આવે ઘડી ઘડીજી । માગે જો મોળ્ય તો લાવે મોજડીજી, એવી અવળાઈની ટેવ જેને પડીજી ॥૧॥ **ઢાળ–** ટેવ પડી અવડાઈની, સવળું કરતાં સુઝે નહિ । એવા ભક્તની ભગતિ, સુખદાયક નો'યે સહિ ॥૨॥ પાણી માગે તો આપે પથરો, અન્ન માગે તો આપે અંગાર । વસ્ત્ર માગે તો આપે વાલણો, એવી અવડાઈનો કરનાર ॥૩॥ આવ્ય કહે ત્યાં આવે નહિ, જા કહે ત્યાં ન જવાય । એવા ભક્તની ભગતિ, અતિ અવળી કે'વાય ॥૪॥ બેસ્ય કહે ત્યાં બેસે નહિ, ઉભો રહે કહે ત્યાં દિયે દોટ । એવા સેવક જે શ્યામના, તે પામે નહિ કેદી મોટ ॥૫॥ વારે ત્યાં વળગે જઈ, વળગાડે ત્યાં નવ વળગાય । એવા ભક્ત ભગવાનથી, સુખ ન પામે કહું કાંય ॥૬॥ જ્યાં રાખે ત્યાં નવ રહી શકે, નવ રાખે ત્યાં રે'વાય । ગ્રહે કહે તો ગ્રહી નવ શકે, મુક્ય કહે તો નવ મુકાય ॥૭॥ એવા અનાડી નરને, મર મળ્યા છે પ્રભુ પ્રગટ । પણ આઝો આવે કેમ એહનો, જે ઘેલી રાખશે ઘટે પટ ॥૮॥ વળી ડુબા'વરીને કહે બાળીશમાં, ઘણી જતન રાખજે ઘરની । તેણે મેલી અગ્નિ મોભથી, નવ માની શીખામણ નરની ॥૯॥ એવી અવળાઈ આદરી, કોઈ ભક્ત કરે ભક્તાઈ । નિષ્કુલાનંદ એ નરને, નવ થાય કમાણી કાંઈ ।૧૦। કડવું ।૧૮।

કમાણી કહો ક્યાં થકી થાયજી, નરે ન કર્યો કોઈ એવો ઉપાયજી। જેજે કર્યું તે ભર્યું દુઃખમાંયજી, તે કેમ કરી કરે સેવામાં સા'યજી ॥૧॥ **ઢાળ–** સા'ય ન થાય ભુંડપની ભક્તિએ, કોઈ કરે જો કોટી ઘણી । પરિચર્યા પામર નરની, તે સર્વે સામગ્રી સંકટતણી ॥૨॥ ઉનાળે પે'રાવે ઉનનાં અંબર, ગરમ ઓઢાડે વળી ગોદડું । સમીપે કરી લાવે સગડી, કહો એથી અવળું શું વડું ? ॥૩॥ વળી પે'રાવે ગરમ પોશાગને, જમાડે ગરમ ભોજન । પાય પાણી ઉનું આણી, કહે પ્રભુ થાઓ પ્રસન્ન ॥૪॥ જાવંત્રી કસ્તુરી ગરમ લાવી, આપે ઉનાળે એવો મુખવાસ । એવી સેવા કરે વણ સમઝે, તે શત્રુ સરિખો દાસ ॥૫॥ ચોમાસે ચલાવે કીચવચ્ચે, જેમાં સૂળ્યોના હોય સમોહ । એવા દાસ દુશ્મન જેવા, જે કરાવે ધણીને કોહ ॥૬॥ શિયાળે શીતળ જળ લઈ, નવરાવે કરીને નીરાંત । પછી ઓઢાડે પલળેલી પાંબડી, નાખે પવન ખરી કરી ખાંત ॥૭॥ વળી ચર્ચે ચંદન મળિયાગરી, કંઠે પે'રાવે ભિંજેલ હાર । પ્રસન્ન કરે કેમ પ્રગટ પ્રભુને, એવી સેવાના કરનાર ॥૮॥ સવળી સામગ્રી શોધતાં, અવલોકે ન મળે એક । અણ સમઝણે એવી સેવા, કરવી નહિ સેવક ॥૯॥ જો આવડે તો જોઈ સમયે, સેવા કરવી સુજાણ । નિષ્કુલાનંદ નરનાથ છે, નથી પ્રભુમૂર્તિ પાષાણ ॥૧૦॥ કડવું ॥૧૯॥

પાષાણમૂર્તિ પૂજેછે જનજી, તેપણ સમયે જોઈ કરે સેવનજી । સમય વિના સેવા ન કરે કોઈ દનજી, જાણે એમ પ્રભુ ન થાય પ્રસન્નજી ॥૧॥ **ઢાળ–** પ્રસન્ન કરવા પ્રભુને, સમો જોઈને કરેછે સેવ । વણ સમાની સામગ્રીએ, પૂજે નહિ પ્રતિમા દેવ ॥૨॥ પરોક્ષને પણ પ્રીતે કરી, સમો જોઈ પૂજેછે સેવક । ત્યારે પ્રભુ પ્રગટને પૂજતાં, જોઈયે વિધેવિધ વિવેક ॥૩॥ સમે દાતણ સમે મર્દન, સમો જોઈને લાવીયે નીર । સમે ચંદન ચરચિયે, સુંદર શ્યામને શરીર ॥૪॥ સમે વસન સમે ભૂષન, સમે સજાવવા સણગાર । સમો જોઈ પૂજા કરવી, સમે પે'રાવવા હાર ॥૫॥ સમે ભોજન સમે શયન, સમે પોઢાડિ ચાંપિયે પાય । સમા વિના સેવકને, સેવા ન કરવી કાંય ॥૬॥ સમે સામું જોઈ રહી, જોવી કર નયણની સાન। તત્પર થઈ તેમ કરવું, રે'વું સમાપર સાવધાન ॥૭॥ સમે દર્શન સમે પરશન, પૂછવાં તે પ્રેમે કરી । સમે ઉત્તર સાંભળી, તેમ કરવું ભાવે ભરી ॥૮॥ સમો જોઈ સેવકને, રે'વું હાથ જોડીને હજૂર । સમા વિનાની જે વારતા, તેથી દાસને રે'વું દૂર ॥૯॥ જે સમે જેવું ગમ્યું હરિને, તેવું કરવું કર જોડીને । નિષ્કુલાનંદ કે' ન ભૂલવું, કરવું કારજ મન માન મોડીને ॥૧૦॥ કડવું ॥૨૦॥

**પદરાગ બિહાગડો –** સરલ વરતવે છે સારૂંરે મનવા સરલ, માની એટલું વચન મારૂંરે મનવા૦ ટેક – મન કર્મ વચને માનનેરે મેલી, કાઢ્ય અભિમાન બા'રૂં । હાથ જોડી હાજીહાજી કરતાં, કેદી ન બગડે તે તારૂંરે; મનવા૦ ॥૧॥ આકડ નર લાકડ સૂકાસમ, એને વળવા ઉધારૂં । તેને તાપ આપી અતિ તીખો, સમું કરેછે સુતારૂંરે; મનવા૦ ॥૨॥ આંકડો વાંકડો વિંછીના સરખો, એવો ન રાખવો વારૂં । દેખી દગે કોઈ દયા ન આણે, પડે માથામાં પેજારૂંરે; મનવા૦ ॥૩॥ હેતનાં વચન ધારી લૈયે હૈયે, શું કહિયે વાતો હજારૂં । નિષ્કુલાનંદ નિજકારજ કરવા, રાખિયે નહિ અંધારૂંરે; મનવા૦ ॥૪॥ પદ ॥૫॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

નથી અંધારૂં નાથને ઘેરજી, એપણ વિચારવું વારમવારજી । સમઝીને સરલ વર્તવું રૂડી પેરજી, તો થાય માનજો મોટાની મે'રજી ॥૧॥ **ઢાળ—** મે'ર કરે મોટી અતિ, જો ઘણું રહિયે ગર્જવાન । ઉન્મત્તાઇ અળગી કરી, ધારી રહિયે નર નિર્માન ॥૨॥ અવળાઇ કાંઇ અર્થ ન આવે, માટે શુદ્ધ વર્તવું સુજાણ । અંતર ખોલી ખરૂં કરવું, પો'ત વિના ન તરે પાષાણ ॥૩॥ માટે જે કામ જેથી નિપજે, તે બીજે ન થાય મળે જો કોટ । તેને આગળ આધિન રહેતાં, ખરી ભાંગી જાય ખોટ ॥૪॥ જેમ અન્ન અંબુ હોય એક ઘરે, બીજે જડે નહિ જગમાંઇ । એથી રાખિયે અણ મળતું, તો સુખ ન પામિયે ક્યાંઇ ॥૫॥ માટે સર્વે સુખ શ્રીહરિમાં રહ્યાં, તે વિના નથી ત્રિલોકમાં । એમ સમુ જે નવ સમઝે, તે નર વરતે કધ્રોકમાં ॥૬॥ જે ખરા ખપની ખોટવાળા, તે સુખાળા શું થાયછે ? । અતિ અનુપમ અવસરમાં, મોટી ખોટને ખાય છે ॥૭॥ અમળતી અતિ વારતા, તે મેળવી હરિ કરી મે'ર । એહ વારતાની વિગતી કરી, નથી પ્રિછતા કોઇ પેર ॥૮॥ જેમ અજાણ નરને એકછે, પથ્થર પારસ એક પાડ । બાવના ચંદન બરોબરી, વળી જાણેછે બીજાં ઝાડ ॥૯॥ પણ પુરૂષોત્તમ પ્રગટનું મળવું, છે મોઘાં મૂલનું । નિષ્કુલાનંદ નર સમઝી, લેવું સુખ અતૂલનું ॥૧૦॥ કડવું ॥૨૧॥

સુખ અતોલ પામવા માટજી, તન મન ધન મર જાય એહ સાટજી । તોય ન મુકીયે એહ વળી વાટજી, તો સર્વે વારતા ઘણું બેસે ઘાટજી ॥૧॥ **ઢાળ—** ઘાટ બેસે વાત સર્વે, વળી સરે તે સર્વે કામ । કેડે ન રહે કાંઇ કરવું, સેવતાં શ્રીઘનશ્યામ ॥૨॥ સહુના સ્વામી જે શ્રીહરિ, સહુના નિયંતા જે નાથ । સહુના આશ્રય એહ સેવતાં, સદાય થાય સનાથ ॥૩॥ દેવના દેવ જે અખંડ અભેવ, અશર્ણશર્ણ સૌના આધાર । સર્વે સુખના વળી સુખનિધિ, સર્વે સારનું પણ સાર ॥૪॥ સર્વે રસના રસરૂપ અનુપ, સર્વે ભૂપના પણ ભૂપ । સર્વે તેજના તેજ છે એજ, સર્વે રૂપના પણ રૂપ ॥૫॥ પરાપાર અપાર એવા, જેની સેવા કરે સહુ કોય । ઇશના ઇશ પરમેશ્વર પોતે, એહ સમ અન્ય નહિ હોય ॥૬॥ પુરૂષોત્તમ પરબ્રહ્મ પૂરણ, સુખદ સર્વના શ્યામ । તેહ નરતન ધરી નાથજી, સુખ દેવા આવે સુખધામ ॥૭॥ એહ સુર સુરેશ સરિખા નહિ, નહિ ઇશ અજસમ એહ । પ્રકૃતિ પુરૂષ સરિખા નહિ, નહિ પ્રધાન પુરૂષ સમ તેહ ॥૮॥ એવા અંતરજામી અવની મધ્યે, આપે આવેછે અલબેલ । ત્યારે સહુ નરનારને, સેવવા જેવા થાયછે સહેલ ॥૯॥ હોય મનુષ્યાકાર અપાર મોટા, જેની સામર્થીનો નહિ પાર । નિષ્કુલાનંદ એહ નાથનો, કોણ કરી શકે નિરધાર ॥૧૦॥ કડવું ॥૨૨॥

નિરધાર ન થાય અપાર છે એવાજી, કહો કોણ જાય પાર તેનો લેવાજી । નથી કોઇ એવી ઉપમા એને દેવાજી, જેહ નાવે કહ્યામાં તો કહિયે એને કેવાજી ॥૧॥ **ઢાળ—** કહેવાય નહિ કોઇ સરખા, એવા મનુષ્યાકાર મહારાજ । એને મળતે સહુને મળ્યા, એને સેવ્યે સર્યાં સહુ કાજ ॥૨॥ એને નિરખ્યે સહુ નિરખ્યા, એને પૂજ્યે પૂજ્યા સહુ દેવ । એને જમાડ્યે સહુ જમ્યા, થઇ સૌની એને સેવ્યે સેવ ॥૩॥ એના થયે થયાં કામ સરવે, એને ભજ્યે ભજી ગઇ વાત । એનાં દરશ સ્પર્શ કરી, સર્વે કાજ સર્યાં સાક્ષાત ॥૪॥ સહુની પાર સહુને સરે, નર અમરને અગમ અતિ । એવી મૂર્તિ જેને મળી, તેને થઇછે પૂરણ પ્રાપતિ ॥૫॥ સર્વે કાર્ય તેનું સરિયું, રહ્યું નહિ અધુરૂં એક । તે પ્રગટ મૂર્તિ પ્રસંગે, વળી જાય વડો વિશેક ॥૬॥ પ્રગટ પ્રસન્ન પ્રગટ દર્શન, પ્રગટ કે'વું સુણવું વળી । અતિ મોટી એહ વારતા, વણ મળ્યાની માનો મળી ॥૭॥ એહ વાત આવી હાથ જેને, તેને કમી કહો કાંઇ રઇ? । પારસ ચિંતામણી પામતાં, સર્વે વાતની સંકોચ ગઇ ॥૮॥ પામ્યા પરમ પદ પ્રાપતિ, અતિ અણતોળી અમાપ । તે કે'વાય નહિ સુખ મુખથી, વળી થાય નહિ કેણે થાપ ॥૯॥ અખંડ આનંદ અતિ ઘણો, તેતો પ્રગટ મળે પમાયછે । નિષ્કુલાનંદ નિશ્ચે કહે, એહ સમ અવર કોણ થાયછે? ॥૧૦॥ કડવું ॥૨૩॥

એની સેવા કરવી શ્રદ્ધાયેજી, તેહમાં કસર ન રાખવી કાંયજી । મોટો લાભ માની મનમાંયજી, તકપર તત્પર રે'વું સદાયજી ॥૧॥ **ઢાળ—** તત્પર રે'વું તક ઉપરે, પ્રમાદ પણાને પરહરી । આવ્યો અવસર ઓળખી, કારજ આપણું લેવું કરી ॥૨॥ અવસરે અર્થ સરે સઘળો, વણ અવસરે વણસે વાત । માટે સમો સાચવી, હરિને કરવા રળિયાત ॥૩॥ જેમ લોહ લુહાર લૈ કરી, ઓરેછે અગ્નિમાંઇ । પણ ટેવ ન રાખે જો તાતણી, તો કામ ન સરે કાંઇ ॥૪॥ એમ પામી પ્રભુ પ્રગટને, સમાપર રે'વું સાવધાન । જોઇ મરજી મહારાજની, ભલી ભક્તિ કરવી નિદાન ॥૫॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

જેમ તડિત તેજે મોતી પરોવવું, તે પ્રમાદી કેમ પરોવી શકે । પરોવે કોઈ હોય પ્રવીણ પૂરા, તેહ તરત તૈયાર રહે તકે ॥૬॥ એમ અલ્પ આયુષ્ય આપણી, તેમાં પ્રગટ પ્રભુ પ્રસન્ન કરો । જાયે પલ પાછી જડે નહિ, થાય એવાતનો બહુ ખરખરો ॥૭॥ જે ખેડુ કોઈ ખેતરમાં, વણ તકે વાવવા જાય । તે ઘેરે ન લાવે ભરી ગાડલાં, મર કરે કોટી ઉપાય ॥૮॥ તેમ પ્રગટ પ્રમાણ પ્રભુને મૂકી, ચૂકી સમો થાય સાવધાન । તે જાણે કમાણી કરશું, પણ સામું થયું જ્યાન ॥૯॥ એહ મર્મ વિચારી માનવી, જાણી લેવી વાત જરૂર । નિષ્કુલાનંદ નિશ્ચે કહે, રહિયે હરિ હોય ત્યાં હજૂર ॥૧૦॥ કડવું ॥૨૪॥

**પદરાગ બિહાગડો** – હજૂર રહિયે હાથ જોડીરે હરિશું હજુર, બીજાં સર્વેની સાથેથી ત્રોડીરે; હરિશું૦ ટેક – લોક પરલોકનાં સુખ સાંભળી, ધન્ય માની ન દેવું ધ્રોડી । મરિચી જળ જેવાં માની લેવાં, તેમાં ખોવી નહિ ખરી મોડીરે; હરિશું૦ ॥૧॥ હીરાની આંખ્ય સુણી હૈયે હરખી, છતી છે તે ન નાખીએ ફોડી । તેમ પ્રભુજી પ્રગટ પખી, નથી વાત કોયે રૂડીરે; હરિશું૦ ॥૨॥ રૂડો રોકડો દોકડો દોપ્ય આવે, નાવે કામ સ્વપ્નની ક્રોડી । તેમ પ્રગટ વિના જે પ્રતીતી, તેતો ગદ્ધું માન્યું કરી ઘોડીરે; હરિશું૦ ॥૩॥ પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલી, મર જો જણાતી હોય થોડી । નિષ્કુલાનંદ નિશ્ચે એમ જાણો, છે ભવસિંધુ તરવા હોડીરે; હરિશું૦ ॥૪॥ પદ ॥૬॥

ભવજળ તરવા હરિ ભક્તિ કરોજી, તેહ વિના અન્ય તજો આગરોજી । શુદ્ધ મન ચિત્તે ભક્તિ આદરોજી, તેમાં તન મન મમત પરહરોજી ॥૧॥ **ઢાળ**- તન મન મમતને તજી, ભજી લેવા ભાવે ભગવાન । તેમાં વર્ણાશ્રમ વિદ્યા વાદનું, અળગું કરી અભિમાન ॥૨॥ કોઈ દીન હીનમતિ માનવી, ગરીબ ગ્રસેલ રોગનો । તેની ઉપર ક્ષતિખપ્ય તજી, કરવો ઉપાય સુખ સંજોગનો ॥૩॥ સર્વે ઠેકાણે સમઝવા, છે અંતરજામી અવિનાશ । રખે કોઈ મુજથકી પણ, તનધારીને ઉપજે ત્રાસ ॥૪॥ અલ્પ જીવની ઉપરે પણ, રાખે દયા અતિ દિલમાંઈ । પેખીપેખી ભરે પગલાં, રખે થાય અપરાધ કાંઈ ॥૫॥ સ્થાવર જંગમ જીવ જેહ, તેહ સર્વના સુખદેણ । પશુ પંખી પ્રાણધારીપર, કરે નહિ કરડાં નેણ ॥૬॥ ઈન્દ્રિયજીત અજાતશત્રુ, સગા સહુના સુખસ્વરૂપ । દીનપણું ઘણું દાખવે, એવા અનેક ગુણ અનૂપ ॥૭॥ સાધુતા અતિ સર્વે અંગે, અસાધુતા નહિ અણુભાર । એવા ભક્ત ભગવાનના, તે સહુને સુખ દેનાર ॥૮॥ હિતકારી સારી સૃષ્ટિના, પરમારથી પૂરા વળી । અપાર મોટા અગાધમતિ, જેની સમઝણ નવ જાય કળી ॥૯॥ એવા ભક્ત જેહને જ મળે, ટળે તેના ત્રિવિધ તાપ । નિષ્કુલાનંદ એહ નાથના, નક્કી ભક્ત એ નિષ્પાપ ॥૧૦॥ કડવું ॥૨૫॥

ભક્તિ કરે તે ભક્ત કે'વાયજી, જેથી કોયે જીવ નવ દુઃખાયજી । મહા પ્રભુનો જાણે મોટો મહિમાયજી, સમઝે મારા સ્વામી રહ્યાછે સહુ માંયજી ॥૧॥ **ઢાળ**– સ્વામી મારા રહ્યા સઘળે, સર્વે સાક્ષીરૂપે સદાય । એમ જાણી દિલે ડરતા રહે, રખે કોયે મુજથી દુઃખાય ॥૨॥ અંતરજામી સ્વામી સૌમાં રહી, દેખેછે મારા દિલની । શું હું સંતાડું સંકલ્પને, એ જાણેછે પળપળની ॥૩॥ એમ ભક્ત ભગવાનને, ભાળે સહુમાં ભરપૂર। તેથી દુઃખાયે કોણ દિલમાં, જેને એવું વરતેછે ઉર ॥૪॥ તે કોણ સાથે કપટ કરે, કોણ સાથે વળી વરતે છળે । કહો કોણનો તે દ્રોહ કરે, જે જાણેછે સ્વામી સઘળે ॥૫॥ જેના ગુણ ગિરાયે ગાવા ઘટે, તેશું કેમ બોલાય કટુ વચને । જેને પૂજવા જોઈએ પ્રેમશું, તેને દેખાડાય કેમ ત્રાસ તને ॥૬॥ જેને જમાડ્યા જોઈએ જુગતે કરી, તેને કેમ અપાય નહિ અન્ન । જેને જોઈએ જળ આપવું, તેને ન અપાય જળ કેમ જન ॥૭॥ એમ સમઝી જન હરિના, કરે ભક્તિ અતિ ભરી ભાવ । તેહ વિનાના ભક્ત જેહ, તેહ બાંધે જ્યાંત્યાં દાવ ॥૮॥ પણ ભક્ત જે ભગવાનના, તેને મત મમત હોય નહિ । આપાપર જેહ નવ પરઠે, તેહ સાચા ભક્ત કા'વે સહી ॥૯॥ એવી ભક્તિ આદરવી, જેમાં કસર ન રહે કોઈ જાતની। નિષ્કુલાનંદ ન ભૂલવું, રાખવી ખટક આ વાતની ॥૧૦॥ કડવું ॥૨૬॥

ખરાખરી ભક્તિમાં ખોટ ન આવેજી, સહુ જનને મને સુખ ઉપજાવેજી । ભગવાનને પણ એવી ભક્તિ ભાવેજી, જે ભક્તિને શિવ બ્રહ્મા સરાવેજી ॥૧॥ **ઢાળ**– સરાવે શિવ બ્રહ્મા ભક્તિ, ભલી ભાતે ગુણ ગાય ઘણા । તે ભક્તિ જાણો પ્રગટની, કરતાં કાંઈ રહે નહિ મણા ॥૨॥ જેહ ભક્તિમાં જાણજો, કપટ કાંઈ ચાલે નહિ । સદા પ્રભુને પેખે પાસળે, તે મોકળે મને મા'લે નહિ ॥૩॥ દૂર હરિને નહિ દેખતાં, સદા સમીપે દેખેછે શ્યામ । તેનું ચિત્ત ચોરી કરી કેમ શકે, ન કરે ન કર્યાનું

www.jayswaminarayan.org www.bhujmandir.org

કામ ॥૪॥ જાણે પગે ભરૂંછું જે પગલાં, કરે કરૂંછું જેહ કામ । રસનાનું જાણે રસ રવનું, જાણે શ્રવણે સૂણું તે શ્યામ ॥૫॥ નયણે રૂપ જે નિરખું, ચરમે લિયું જે સ્પર્શ રસ । નાસે જેહ વાસ લિયું, નથી એથી અજાણ્યું અવશ્ય ॥૬॥ એમ પેખે પ્રભુને પાસળે, તે ભવભૂલવણીમાં ભૂલે નહિ। સદા દેખે સમીપે શ્યામને, સાચા ભક્ત તે સમઝો સહિ ॥૭॥ એવા જન જગદીશને, માનો મળવા મોંઘા ઘણું । સર્વે શાસ્ત્રમાંહી સૂચવ્યું, માહાત્મ્ય એવા ભક્તતણું ॥૮॥ જેહ ભક્તને વા'લા ભગવાનછે, તેહ ભક્ત વા'લા છે ભગવાનને। પણ ભક્ત નામે રખે ભૂલતા, એતો ગાયાછે ગુણવાનને ॥૯॥ ભાગ્ય હોય તો એવા ભક્તની, ભેટ્ય થાય ભવમાંઇ। નિષ્કુલાનંદ તો નરને, કરવું રહે નહિ કાંઇ ॥૧૦॥ કડવું ॥૨૭॥

કરવું હતું તે કરી લીધું કામજી, ભક્તિ કરી રીઝવ્યા ઘનશ્યામજી। જે ઘનશ્યામ ઘણા સુખના ધામજી, તેને પામવા હતી હૈયે હામજી ॥૧॥ **ઢાળ—** હામ હતી હૈયે ઘણી, પ્રભુ પ્રગટ મળવા કાજ । આ દેહે કરી જે દીનબંધુ, જાણું ક્યાંથી મળે મહારાજ ॥૨॥ આ નેણે નિરખીયે નાથને, મુખોમુખ કરીયે વાત । આવે અવસર એવો ક્યાંથકી, જે પ્રભુ મળે સાક્ષાત ॥૩॥ અંગોઅંગ એને મળવું, તેતો મહા મોઘોંછે મેલાપ। નો'તો ભરોંસો ભિંતરે, જે મળશે અલબેલો આપ ॥૪॥ જમવું રમવું જોડે બેસવું, એવો ક્યાંથકી પામીયે પ્રસંગ । મોટામોટાને મુશકેલ મળવો, સુણી સદા રે'તા મનભંગ ॥૫॥ સર્વે પ્રકારે સાક્ષાત સંબન્ધ, જેનો અતિ અગમ અગાધ્ય । તેહ મળે કેમ મનુષ્યને, જે દેવને પણ દુરારાધ્ય ॥૬॥ તેહ પ્રભુજી પ્રસન્ન થઈ, નરતન ધરી મળ્યા નાથ । તેણે સર્વે રીતે સુખ આપિયાં, થાપિયાં સહુથી સનાથ ॥૭॥ હળી મળી અઢળ ઢળીને, આપી ભક્તિ આપણી । તેહ ભક્તિને ભવ બ્રહ્માયે, માગી મગન થઈ ઘણી ॥૮॥ ભક્તિમાં છે ભાર ભારે, તે જેને તેને જડતી નથી। પુણ્યવાન કોઈ પામશે, વારેવારે શું કહીયે કથી ॥૯॥ પ્રગટની પરિચરિયા, છે માનવીઓને મોંઘી ઘણી। નિષ્કુલાનંદ એ નૌત્તમ નિધિ, સૌ સમઝો છે સુખતણી ॥૧૦॥ કડવું ॥૨૮॥

**પદરાગ બિહાગડો —** ભક્તિનિધિનો ભંડારરે સંતો ભક્તિ, તેને શું કહું હું વારમવારરે; સંતો૦। ટેક — ભક્તિ કરીને કંઈ સુખ પામ્યા, નર અમર અપાર । સુર નર મુનિજન સૌ કોઈ મનમાં, સમજ્યા ભક્તિમાં સારરે; સંતો૦ ॥૧॥ ઋષિ તપસી વનવાસી ઉદાસી, ભાળે ભક્તિમાં ભાર । જાણે સેવા કેમ મળે હરિની, અંતરે એવો વિચારરે; સંતો૦ ॥૨॥ આદિ અંતે મધ્યે મોટપ્ય પામ્યા, તેતો ભક્તિ થકી નિરધાર। ભક્તિ વિના ભટકણ ન ટળે, ભમવાનું ભવ મોઝારરે; સંતો૦ ॥૩॥ તેહ ભક્તિ પ્રગટની પ્રીછજો, અતિ અનુપ ઉદાર । નિષ્કુલાનંદ નકી એ વારતા, તેમાં નહિ ફેરફારરે; સંતો૦ ॥૪॥ પદ ॥૭॥

ફેર નથી રતિ ભક્તિછે રૂડીજી, દોયલા દિવસની માનજો એ મુડીજી। એ છે સત્યવાત નથી કાંઈ કુડીજી, ભવજળ તરવા હરિભક્તિ છે હુડીજી ॥૧॥ **ઢાળ—** હુડી છે હરિની ભગતિ, ભવજળ તરવા કાજ। અપાર સંસાર સમુદ્રમાં, જબર જાણો એ ઝાજ ॥૨॥ સોસો ઉપાય સિંધુ તરવા, કરી જુવે જગે જન કોય। વહાણ વિનાનાં વિલખાં, સમઝી લેવાં જન સોય ॥૩॥ તેમ ભક્તિ વિના ભવદુઃખનો, આવે નહિ કેદિયે અંત। માટે ભક્તિ ભજાવવી, સમઝી વિચારીને સંત ॥૪॥ ખાધા વિના જેમ ભૂખ ન ભાંગે, તૃષા વીતે નહિ વણ તોય। તેમ ભક્તિ વિના ભવદુઃખ જાવા, નથી ઉપાય કહું કોય ॥૫॥ જગજીવન વિના જેમ નગ ન ભીંજે, રવિ વિના ટળે નહિ રાત। તેમ ભક્તિ વિના ભારે સુખ મળે, એવી રખે કરો કોઈ વાત ॥૬॥ જેમ પ્રાણધારીના પ્રાણને, જાણો આહારતણોછે આધાર । તેમ ભક્તિ ભગવાનની, સર્વેને સુખ દેનાર ॥૭॥ જળચરને જેમ જળ જીવન, વનચરને જીવન વન । તેમ ભક્ત ભગવાનનાને, જાણો ભક્તિ એજ જીવન ॥૮॥ જેમ ઝષ ન રહે જળ વિના, રહે કીચે દાદુર કૂર્મ । તેમ ભક્ત ન રહે હરિભક્તિ વિના, રહે ચિત્તે ચિંતવે જે ચર્મ ॥૯॥ માટે ભક્તને નવ ભૂલવું, કરવી હરિની ભગતિ। નિષ્કુલાનંદ કહે નિર્ભય થાવા, આદરશું કરવી અતિ ॥૧૦॥ કડવું ॥૨૯॥

અતિ આદરશું કરવી ભક્તિજી, તેમાં કાંઈ ફેર ન રાખવો રતિજી। પામવા મોટી પરમ પ્રાપતિજી, માટે રાખવી અડગ એક મતિજી ॥૧॥ **ઢાળ—** મતિ અડગ એક રાખવી, પરોક્ષ ભક્તના પ્રમાણ। આસ્તિકપણું ઘણું આણીને, જેણે ભજ્યા શ્યામ સુજાણ ॥૨॥ શાસ્ત્ર થકી જેણે સાંભળ્યા, ભક્તિતણા વળી ભેદ । તેમની તેમ તેણે કરી, ઉર આણી અતિ નિર્વેદ ॥૩॥ કેણેક કર કપાવિયા, કેણે મુકાવિયું કરવત । કોઈ વેચાણા શ્વપચ ઘરે, કોઈ પડ્યા ચડી પરવત ॥૪॥ કેણેક અસ્થિ આપિયાં,

www.jayswaminarayan.org www.bhujmandir.org

કેણે આપ્યું આમિષ । કેણેક ઋષિરથ તાણિયો, કેણેક પીધું વળી વિષ ॥૫॥ કેણેક તજી સર્વે સંપત્તિ, રાજપાટ સુખ સમાજ । અન્ન ધન ધામ ધરણી, મેલી મોહન મળવા કાજ ॥૬॥ કોઈક લટક્યા કૂપમધ્યે, કોણેક આપી ખેંચી તનખાલ । કોઈ સૂતા જઈ શૂળિયે, મોટો જાણી મહારાજમાંહિ માલ ॥૭॥ કોણેક તપ કઠણ કર્યાં, મેલી આ તન સુખની આશ । હિમત કરી હરિ મળવા, કહિયે ખરા એ હરિના દાસ ॥૮॥ પરોક્ષ ભક્ત એ પ્રભુતણા, ઘણા અતિ એ આગ્રહવાન । ત્યારે પ્રગટના ભક્તને, કેમ સમે ન રે'વું સાવધાન ॥૯॥ આદિ અંતે વિચારીને, કરી લેવું કામ આપણું। નિષ્કુલાનંદ ન રાખવું, હરિભક્તને ગાફલપણું॥૧૦॥ કડવું ॥૩૦॥

ગાફલપણામાં ગુણ રખે ગણોજી, એહમાંહિ અર્થ બગડે આપણોજી । પછી પશ્ચાતાપ થાય ઘણો ઘણોજી, ભાગે કેમ ખરખરો એહ ખોટ તણોજી ॥૧॥ **ઢાળ—** ખરખરો એહ ખોટતણો, ઘણો થાશે નર નિશ્ચે કરી । જે ગઈ વહી વાત હાથથી, તે પમાય કેમ પાછી ફરી ॥૨॥ પગ ન ચાલ્યા પ્રભુ પંથમાં, કરે ન થયું હરિનું કામ । જીભે ન જપ્યા જગદીશને, મુખે ગાયા નહિ ઘનશ્યામ ॥૩॥નયણે ન નિરખ્યા નાથને, શ્રવણે ન સુણી હરિવાત । એ ખોટ્ય ભાગે કેમ જુવો ખોળી, ચિત્તે ચિંતવી ચોરાશી જાત ॥૪॥ પશુ પંખી પન્નગનાં વળી, આવે તન અનંત । તેણે ભજાય નહિ ભગવાનને, એહ સમઝી લેવો સિદ્ધાંત ॥૫॥ માટે મનુષ્ય દેહ જેવા, એવા એકે કોઈ ન કહેવાય । તેહ સારું સમઝી શાણા, નરતનના ગુણ ગાય ॥૬॥ એવા દેહને પામીને, પ્રસન્ન ન કર્યા પરબ્રહ્મને । તેને થાશે ઉરે ઓરતો, સમઝી લેજો સહુ મર્મને ॥૭॥ આવો સમાજ આવતો નથી, જુવો ચોરાશી દેહને ચિંતવી । તે તન ખોયું પશુ પાડમાં, કહો વાત શું સમઝયા નવી ॥૮॥ મનષ્ય હોય તેને મનમાં, કરવો વિવેક વિચાર । માનવ દેહ મોઘોં ઘણું, નહિ અન્ય દેહને એ હાર ॥૯॥ માટે ભક્તિ ભજાવવી, મન વચન કર્મે કરી । નિષ્કુલાનંદ નર તનનું, નથી થાતું મળવું ફરી ॥૧૦॥ કડવું ॥૩૧॥

ફરી ફરી દેહ નવ આવે આવોજી, તે શીદ ખોયે કરી કાવો દાવોજી । સમઝી વિચારી હરિ ભક્તિમાં લાવોજી, અવર સુખનો કરી અભાવોજી ॥૧॥ **ઢાળ—** અભાવ કરી અસત્ય સુખનો, સત્ય સુખને સમજી ગ્રહો । અમૂલ્ય આવા અવસરને, ખોઈને ખાટ્યો કોણ કહો ॥૨॥ જેમ ચિંતામણી મોંઘી ઘણી, તેણે કાગ કેમ ઉડાડિયે । શેતખાનની સાંકડે, હરિ મંદિરને કેમ પાડિયે ॥૩॥ તેમ મનુષ્ય દેહ મોંઘો ઘણો, સર્વે સુખ સંપત્તિનો દેનાર । તે વિષય સુખમાં વાવરી, ખરી કરવી નહિ ખુવાર ॥૪॥ જેમ પ્રભુ પ્રસાદિની પાંબડી, ફાડી બગાડી કરે બળોતિયું । એ સમઝણમાં સેલિ પડી, કામધેનુ દોહી પાઈ કૂતિયું ॥૫॥ તેમ મનુષ્ય દેહે કરી દાખડો, પોખિયું કુળ કુટુંબને । દાટો પરુ એ ડા'પણને, ખરસાણી સારૂં ખોયો અંબને ॥૬॥ જેમ કુંભ ભરી ઘણા ઘી તણો, કોઈ રાખમાં રેડે લઈ । એ અકલમાં ઉઠ્યો અગની, જે ન કરવાનું કર્યું જઈ ॥૭॥ તેમ દુર્લભ આ દેહ તેહ, અર્પણ કર્યું અનર્થમાં । કહો કમાણી શું કરી, ખોયો આવો વિગ્રહ વ્યર્થમાં ॥૮॥ માટે માહાત્મ્ય જાણી મનુષ્ય તનનું, કરવું સમઝી સવળું કામ । વણ અર્થે ન વણસાડવો, આવો દેહ અતિ ઈનામ ॥૯॥ જે રહી ગઈ ખોટ મનુષ્ય દેહે, તે ભાંગ્યાનો ભરુંસો તજો। નિષ્કુલાનંદ નકી ભગતિ, કરીને હરિને ભજો ॥૧૦॥ કડવું ॥૩૨॥

**પદરાગ બિહાગડો—** ભજો ભક્તિ કરી ભગવાનરે સંતો ભજો૦, માનો એટલું હિત વચનરે, સંતો૦ । ટેક- ભક્તિ વિના ભારે ભાગ્ય ન જાગે, જાણી લેજો સહુ જન । ભક્તિ વિના ભવદુઃખ ન ભાગે, એ પણ માનવું મનરે; સંતો૦ ॥૧॥ ભક્તિ વિના ભટકણ ન ટળે, મર કરે કોટિક જતન । ભક્તિ વિના નિર્ભય નર નહિ, કરે સોસો જો સાધનરે; સંતો૦ ॥૨॥ ભક્તિ ભંડાર અપાર સુખનો, નિર્ધનિયાનું એ ધન । જે પામી ન રહે પામવું, એવું એ સુખસદનરે; સંતો૦ ॥૩॥ તે ભક્તિ તન માનવે થાયે, નહિ અન્ય તન કરવા સંપન । નિષ્કુલાનંદ કે' નિરાશ થઈને, કરો હરિસેવનરે; સંતો૦ ॥૪॥ પદ॥ ૮॥

સેવા ન કરે તે સેવક શાનોજી, થયો હરિદાસ પણ હરામી છાનોજી। એહને ભક્ત રખે કોઈ માનોજી, અંતર પિતળ છે બા'રે ધુસ સોનાનોજી ॥૧॥ **ઢાળ—** સોના સરિખો શોભતો, થયો ભક્ત ભવમાંહિ ભલો । લાખો લોક લાગ્યાં પૂજવા, દેખી આટાટોપ ઉપલો ॥૨॥ ખાવા પીવાની ખોટ ન રહી, મળે વસ્ત્ર પણ વિધવિધ શું । સારોસારો સહુ કોઈ કહે, પામ્યો આ લોક સુખ પ્રસિદ્ધશું ॥૩॥ ભોજન વ્યંજન બહુ ભાતનાં, ઘણાં મળે ગામોગામ । મળ્યું સુખ વણ મહેનતે, જ્યારે કરી તિલક ધરી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

દામ ॥૪॥ આડંબર આણી ઉપલ્યો, થયો ભક્ત તે ભરપુર, જાણ્યું કસર કોઇ વાતની, જોતાં રહી નથી જરૂર ॥૫॥ એવો બા'રે વેષ બનાવિયો, સારો સાચા સંત સમાન । પણ પાછું વળી નવ પેખિયું, એવું આવી ગયું અજ્ઞાન ॥૬॥ જે ભક્તપણું શું ભાળી મુજમાં, ભક્તભક્ત કહેછે ભવમાંઇ । ભક્તપણું નથી ભાસતું, ભાસેછે ઠાઉકી ઠગાઇ ॥૭॥ જે સર્વે સુખ શરીરનાં, લઈ લેવાં લોકની પાસથી । ભક્ત જાણી ભોળવાઈ ભોળા, આપે હૈયે હુલાસથી ॥૮॥ વળી વા'લી વસ્તુ વિલોકીને, આણી આપે જાણી હરિદાસ । જાણે અરથ એથી સરશે, એવો આણી ઉરે વિશ્વાસ ॥૯॥ તે વાત નથી તપાસતો, એવો દિલે દગાદાર છે । નિષ્કુલાનંદ નર કળ કરેછે, પણ સરવાળે શું સારછે ? ॥૧૦॥ કડવું ॥૩૩॥

ભક્તિ કરે તેહ ભક્ત કે'વાયજી, ભકિત વિના જેણે પળ ન રે'વાયજી । શ્વાસોશ્વાસે તે હરિગુણ ગાયજી, તેહ વિના બીજું તે ન સુહાયજી ॥૧॥ **ઢાળ—** સુહાય નહિ સુખ શરીરનાં, હરિભક્તિ વિના ભૂલ્યે કરી । અખંડ રહે અંતરમાં, કરવા ભક્તિ ભાવે ભરી ॥૨॥ હમેશ રહે હરખ હૈયે, ભલી ભાતે ભક્તિ કરવા । ભૂલ્યે પણ હરિભક્તિ વિના, ઠામ ન દેખે ઠરવા ॥૩॥ ભક્તિ વિના બ્રહ્મલોક લગી, સુખ સ્વપ્રે પણ સમઝે નઈ । ચૌદ લોક સુખ સુણી શ્રવણે, લોભાય નહિ લાલચુ થઈ ॥૪॥ ભક્તિ વિનાનો નહિ ભરોંસો, સદા સ્થિર રે'વા કોઈ ઠામ । માટે મૂકી ન શકે ભક્તિને, અતિ સમઝી સુખનું ધામ ॥૫॥ નવે પ્રકારે નક્કી કરીને, ભાખ્યા ભક્તિતણા જેહ ભેદ । તે અતિ આદરશું આદરે, કરી અહંમમત ઉચ્છેદ ॥૬॥ અહંમમત જાય જ્યારે ઉચલી, ત્યારે પ્રગટે પ્રેમલક્ષણા । ત્યારે તેહ ભક્તને વળી, રહે નહિ કોઈ મણા ॥૭॥ અરસ પરસ રહે એકતા, સદા શ્રીહરિની જો સાથ । અંતરાય નહિ એકાંતિક પણું, ઘણું રહે શ્યામની સંઘાથ ॥૮॥ એવે ભક્તે ભગવાનની, ભલિભાત્યે ભજવી ભગતિ । ભક્તિ કરી હરિ રીઝવ્યા, ફરી રહ્યું નહિ કરવું રતિ ॥૯॥ કરીયે તો કરીયે એવી ભગતિ, જેમાં રહ્યો સુખનો સમાજ । નિષ્કુલાનંદ ન કરીયે, ભક્તિ લોક દેખાડવા કાજ ॥૧૦॥ કડવું ॥૩૪॥

સાચા ભક્તની ભેટ થાય ભાગ્યેજી, જેને જગસુખ વિખસમ લાગેજી । ચિત્ત નિત્ય હરિચરણે અનુરાગેજી, તેહ વિના બીજું સરવસ ત્યાગેજી ॥૧॥ **ઢાળ—** ત્યાગે સર્વે તને મને, પંચ વિષય સંબંધી વિકાર । ભાવે હરિની એક ભગતિ, અતિ અવર લાગે અંગાર ॥૨॥ અન્ન જમી જન અવરનું, સૂવે નહિ તાંણી વળી સોડ । નિર્દોષ થાવા નાથનું, કરે ભજન સ્તવન કરજોડ ॥૩॥ મહામે'નતે કરી મેળવ્યું, વળી અર્થે ભર્યું એવું અન્ન । તે ખાઇને ખાટ્ય માને નહિ, જો ન થાય હરિનું ભજન ॥૪॥ વળી વસ્ત્ર વિવિધ ભાતનાં, આપ્યાં અંગે ઓઢવા માટ । તે ઓઢી અન્ય ઉદ્યમ કર્યો, ખોળી જુવો શિ થઈ ખાટ્ય ॥૫॥ એણે આપ્યું નથી અન્ન ઉષર જાણી, હૈયે હજાર ઘણી છે લેવા હામ । એહ આપવું પડશે આપણે, કે આપશે શ્રીઘનશ્યામ ॥૬॥ ઘનશ્યામને શિર શીદ દિયે, જૈયે ન કર્યું ભક્તિ ભજન । રહે વિચાર એહ વાતનો, હૃદિયામાંહિ રાત દન ॥૭॥ ખરૂં ન કર્યું ખાધા જેટલું, ઈચ્છયો ભક્ત થાવા એકાંત । તેતો ઘાસ કટુ ઘેબરનાં ભાતાં, ખાવા કરેછે ખાંત ॥૮॥ એહ વાત બંધ કેમ બેસશે, હરિભક્ત તે હૈયે ધારિયે । માટે સૂતાં બેઠાં જાગતાં, અતિ હેતે હરિને સંભારિયે ॥૯॥ એમ જાણેછે જન હરિના, તે ભક્તિ કરતાં ભૂલે નહિ । નિષ્કુલાનંદ કહે વેષ વરાંસે, ફોગટ મને ફૂલે નહિ ॥૧૦॥ કડવું ॥૩૫॥

ફૂલ્યો ન ફરે ફોગટ વાતેજી, ભક્તિ હરિની કરે ભલી ભાતેજી । ભૂલ્યો ન ભમે ભક્તિની ભ્રાંતેજી, નક્કી વાત ન બેસે નિરાંતેજી ॥૧॥ **ઢાળ—** નિરાંત નહિ નક્કી વાત વિના, રહે અંતરે અતિ ઉતાપ । ઉર વિકાર વિરમ્યા વિના, નવ મનાય આપ નિષ્પાપ ॥૨॥ દાસપણામાં જે દોષછે, તે દગ આગળ દેખે વળી । માટે મોટપ્ય માને નહિ, સમઝેછે રીત એ સઘળી ॥૩॥ ખોટ્ય મોટી એ ખોવા સારૂં, કરે ભક્તિ હરિની ભાવે ભરી । જાણે ભક્તિ વિના ભાગશે નહિ, ખોટ એહ ખરાખરી ॥૪॥ માટે અતિ આગ્રહ કરી, હરિભક્તિ કરે ભરપૂર । ભક્તિમાં જેથી ભંગ પડે, તેથી રહે સદા દૂર ॥૫॥ જાણે જે ઉદ્યમે જન્મોજન્મનું, દારિદ્રય દૂર થાય । તે ઉદ્યમની આડી કરે, તેથી વેરી કોણ કે'વાય ॥૬॥ તેમ ભક્તિથકી ભવદુઃખ ભાગે, જાગે ભાગ્ય મોટું જાણવું । તે વિમુખની વાત સાંભળી, અંગે આળસ નવ આણવું ॥૭॥ જેમ સહુસહુને સ્વારથે, સાચું રળેછે સરવે । તેમ હરિભક્તને, કસર ન રાખવી ભક્તિ કરવે ॥૮॥ મોટી કમાણી જાણી જન, તન મને રે'વું તતપર । બની વાત જાય બગડી, જો ચૂકિયે આ અવસર ॥૯॥ જે તકે જે કામ નિપજે, તે વણ તકે નવ થાય । નિષ્કુલાનંદ નિશ્ચે કહે, એ પણ સમઝવું મનમાંય ॥૧૦॥ કડવું ॥૩૬॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

**પદરાગ પરજ –** સંતો મનમાં સમઝવા માટરે, કેદિ મેલવી નહિ એ વાટરે; સંતો૦ ॥ ટેક – જોઇ જોઇને જોયુંછે સર્વે, વિવિધ ભાતે વિરાટ। ભક્તિ વિના ભવ ઉદભવનો, અળગો ન થાય ઉચ્ચાટરે; સંતો૦ ॥૧॥ તપ કરીને ત્રિલોકીનું કોય, પામે રૂડું રાજપાટ। અવધિયે અવશ્ય અખંડ ન રહે, તો શી થઈ એમાં ખાટ્યરે; સંતો૦ ॥૨॥ માટે ભક્તિ ભવભય હરણી, કરવી તે શીશને સાટ। તેહ વિના તને મને તપાસું, વાત ન બેઠી ઘાટરે; સંતો૦ ॥૩॥ ભક્તિથી કાયા જાણે છૈયે ડાહ્યા, એવું ડાહ્યાપણું પરૂં ડાટ। નિષ્કુલાનંદ કે' ભક્તિ કરતાં, ઉઘડે અભય પદ હાટરે; સંતો૦ ॥૪॥ પદ ॥૯॥

ભક્તિ કરી હરિનાં સેવવાં ચરણજી, મનમાં માની મોટા સુખનાં કરણજી। તન મન ત્રિવિધ તાપનાં હરણજી, એવાં જાણી જન સદા રહે શરણજી ॥૧॥ **ઢાળ–** શરણે રહે સેવક થઈ, કેદિ અંતરે ન કરે અભાવ। જેમ વાયસ વાહણતણો, તેને નહિ આધાર વિના નાવ ॥૨॥ તેમ હરિજનને હરિચરણ વિના, નથી અન્ય બીજો આધાર। તે મૂકી ન શકે તને મને, જાણી ભારે સુખભંડાર ॥૩॥ જેમ પતિવ્રતા હોય પ્રમદા, તે પતિ વિના પુરૂષ પેખે નહિ। બીજા સોસો ગુણે કોઈ હોય સારા, તોય દોષિત જાણી દેખે નહિ ॥૪॥ તેમ ભક્ત ભગવાનના, પતિવ્રતાને પ્રમાણ। પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે, તે સાચા સંત સુજાણ ॥૫॥ જેમ બપૈયો બીજું બુંદ ન બોટે, સ્વાતિ વિના સુધાસમ હોય। પિયુપિયુ કરી પ્રાણ પરહરે, પણ પિયે નહિ અન્ય તોય ॥૬॥ તેમ જન જગદીશના, એક નેક ટેકવાળા કે'વાય। સ્વાતિ બિંદુસમ સ્વામીનાં વચન, સુણી ઉતારી લિયે ઉરમાંય ॥૭॥ જેમ ચકોરની ચક્ષુ ચંદ્ર વિના, નવ લોભાય ક્યાંહી લગાર। તેમ હરિજન હરિ મૂર્તિ વિના, અવર જાણે અંગાર ॥૮॥ એમ અનન્ય ભક્ત ભગવાનના, પ્રભુ વિના બીજે પ્રીતિ નઈ। મન વચન કર્મે કરી, શ્રીહરિના રહ્યા થઈ ॥૯॥ એવા ભક્તની ભક્તિ જાણો, વા'લી લાગે વા'લાને મન। નિષ્કુલાનંદ કહે નાથને, એવે જને કર્યા પ્રસન્ન ॥૧૦॥ કડવું ॥૩૭॥

પ્રસન્ન કર્યા જેણે પરબ્રહ્મજી, તેને કોઈ વાત ન રહી અગમજી। સર્વે લોક ધામ થયાં સુગમજી, એમ કહેછે આગમ નિગમજી ॥૧॥ **ઢાળ–** આગમ નિગમે એમ કહ્યું, રહ્યું નહિ કરવું એને કાંઇ। સર્વે સુખની સંપતિ, આવિ રહી એના ઉરમાંઇ ॥૨॥ સર્વે પાર જે પ્રાપતિ, સર્વેને સરે જેહ સુખ। તે પામેછે ભક્ત પ્રભુતણા, ઘણુંઘણું શું કહિયે મુખ ॥૩॥ સર્વે ઉપર જે શિરોમણી, સર્વે મસ્તકપર જે મોડ। સહુથી એ સરસ થયા, કોણ કહિયે જાણો એની જોડ ॥૪॥ સર્વે કમાણીને સરે કમાણી, સર્વે ખાટ્યને સરે ખાટ્ય। તેહ પામી પૂરણ થયા, તેતો ભક્તિ કરી તેહ માટ્ય ॥૫॥ સર્વે કળશ પર કળશ ચઢ્યો, સર્વે જીતપર થઈ જીત। સર્વે સારનું સાર પામિયા, જેને થઈ પ્રભુ સાથે પ્રીત ॥૬॥ જેમ મોટારાજાની રાજનિધિ, તે લડ્યે લેશ લેવાય નહિ। પણ જનમી એ જનક કર્યો. ત્યારે સર્વે સંપત્તિ એની થઈ ॥૭॥ તેમ સેવક સુત શ્રીહરિતણા, મણા એને કોઈ વાતની નથી। પૂરણ પદનીછે પ્રાપતિ, અતિશય શું કહિયે કથી ॥૮॥ જેમ અતિ ઉંચો અંબરે ચઢે, આકાશે વસે જ્યાં અનળ। એથી ઉંચો તો એક શૂન્ય છે, બીજાં હેઠાં રહ્યાં સકળ ॥૯॥ તેમ ભક્તિથકી આબ્રહ્માંડમાં, નથી સરસ જોયું શોધીને, નિષ્કુલાનંદ પદ પરમ પામ્યા, જે અગમ છે મન બુદ્ધિને ॥૧૦॥ કડવું ॥૩૮॥

મન બુદ્ધિના માપમાં ના'વેજી, એવું અતિ સુખ હરિભક્તિથી આવેજી। જેહ સુખને શુકજી જેવા ગાવેજી, તે ભક્તિ પ્રભુ પ્રગટની કા'વેજી ॥૧॥ **ઢાળ–** ભક્તિ પ્રભુ પ્રગટની, જેજે કરીછે હરિજને। તે તેને પળ પાકીગઈ, સહુ વિચારી જુવો મને ॥૨॥ કુબજાએ કટોરો ભરી કરી, ચરચ્યું હરિને અંગે ચંદન। તેણે કરી તન ટેડાઈ ટળી, વળી પામી સુખસદન ॥૩॥ સઈ સુદામા માળીનું, સમાપર સરીગયું કામ। તે પ્રગટ પ્રભુને પૂજતાં, પામી ગયા હરિનું ધામ ॥૪॥ વિદુર ભાજીને ભોજને, જમાડિયા જગજીવન। તે જમી પ્રભુ પ્રસન્ન થયા, એવું પરોક્ષ શું સાધન ॥૫॥ સુદામે ભક્તે શ્રીહરિને, ત્રણ મૂઠી આપિયા તાંદુલ। તેણે દારિદ્ર દૂર ગયું, થયું અતિ સુખ અતુલ ॥૬॥ પંચાલિયે પાત્રમાંથી, શોધી જમાડીયા હરિ આપ। તેણે મટ્યું કષ્ટ મોટું અતિ, તેતો પ્રગટને પ્રતાપ ॥૭॥ વળી ચીર ચીરીને ચિંથરી, આપી હરિ કરે બાંધવા કાજ। તેણે કરીને દ્રૌપદીની, રૂડી રાખી હરિએ લાજ ॥૮॥ એમ પ્રગટના પ્રસંગથી, જેજે સર્યાં જનનાં કામ। તેવું ન સરે તપાસિયું, મર કરે હૈયે કોઈ હામ ॥૯॥ વારેવારે કહ્યો વર્ણવી, અતિ ભારે ભક્તિમાંહી ભાર। નિષ્કુલાનંદ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

તે ભગતિ, પ્રભુ પ્રગટની નિરધાર ॥૧૦॥ કડવું ॥૩૯॥

પ્રગટ પ્રભુની ભક્તિ વખાણીજી, અતિશય મોટપ્ય ઉરમાંયે આણીજી । સહુથી સરસ શિરોમણી જાણીજી, એહ ભક્તિથી તર્યા કૈક પ્રાણીજી ॥૧॥ **ઢાળ—** પ્રાણીને પરમ પદ પામવા, ભક્તિ હરિની છે ભલી । સર્વેથકી સરસ સારૂં, કરી દિયે કામ એ એકલી ॥૨॥ જેમ તમ ટાળવા રાત્યનું, ઉગે ઉડુ આકાશે અનેક । પણ રવિ વિનાની રજની, કહો કાઢી શકે કોણ છેક ॥૩॥ તેમ ભક્તિ ભગવાનની, સમઝો સૂરજ સમાન । અતિ અંધારૂં અહંતાતણું, તે ભક્તિથી ટળે નિદાન ॥૪॥ નમ્રતા ને જે નમવું, દમવું દેહ મન પ્રાણને । તે ભક્તિ વિના ભાવે નહિ, ભાવે હમેશ થાવું હેરાણને ॥૫॥ દુર્બળતા ને દીન રે'વું, ગરીબને ગરજુ ઘણું । તે ભક્તિ વિના નવ ભાળિયે, જો જોએ પર પોતાપણું ॥૬॥ ભક્તિ વિના ભારે ભારનો, માથે રહી જાય મોટલો । જાણું કમાણી કાઢશું, ત્યાંતો ઉલટો વળ્યો ઓટલો ॥૭॥ જેમ ચોબો છબો થાવા ચાલિયો, દશો ચાલ્યો વિશો થાવા વળી । તે નિસર્યો મૂળગી નાતથી, રહ્યો ભટકતો નવ શક્યો ભળી ॥૮॥ તેમ ભક્તિ હરિની ભાગ ન આવી, આવી ભેખ લઈ ભૂંડાઈ ભાગ । અતિ ઉલટું અવળું થયું, થયો મૂળગો નર મરી નાગ ॥૯॥ તેમ ભક્તિ ન કરી ભગવાનની, કરી ભૂંડાઈ તે ભરપૂર । નિષ્કુલાનંદ એ નરને, થયું જ્યાન જાણો જરૂર ॥૧૦॥ કડવું ॥૪૦॥

**પદરાગ પરજ** — જ્યાન ન કરવું જોઈરે સંતો જ્યાન૦, અતિ અંગે ઉન્મત્ત હોઈરે; સંતો૦ ॥ ટેક — જો જાયે રૂજાવે તો કરીયે કમાણી, સાચવી લાવિયે સોઈ । નહિતો બેશી રહિયે બારણે, પણ ગાંઠની ન આવીએ ખોઈરે; સંતો૦ ॥૧॥ જો ડૂબકી દિયે દરિયામાં, મોતીસારુ મને મોહી । તો લાવિયે મુક્તા મહામૂલાં, પણ નાવિયે દેહ ડબોઈરે; સંતો૦ ॥૨॥ જો જાય જળ જાહ્નવી ના'વા, તો આવીયે કિલબિશ ધોઈ । પણ સામુ ન લાવીયે સમઝી, પાપ પરનાં તે ઢોઈરે; સંતો૦ ॥૩॥ તેમ ભક્ત થઈને ભક્તિ કરીયે, હરિચરણે ચિત્ત પ્રોઈ । નિષ્કુલાનંદ કે' નર ઘર મૂકી, ન જીવીયે જનમ વગોઈરે; સંતો૦ ॥૪॥ પદ ॥ ૧૦ ॥

જીવત વગોઈને જીવવું એ જૂઠુંજી, એતો થયું જેમ મા'મહિને માવઠુંજી । વિવાયે વે'ચાણી લાંણીમાં એ લઠુંજી, એહમાંહી સારું શું કર્યું એકઠુંજી ॥૧॥ **ઢાળ—** સારું તે એણે શું કર્યું, પાણી મળે ન ધોયો મેલ । જેમ ગીગો ગયો ગંગાજીયે, નાકે દુર્ગંધીનો ભરેલ ॥૨॥ તેમ ભક્તિમાં કોય આવી ભળ્યો, પણ ન ટળ્યો જાતિ સ્વભાવ । પાકી મૃતિકાના પાત્રનો, નહિ ઠામ થાવા ઠેરાવ ॥૩॥ જેમ સિંધુ જોજન સો લાખનો, તેનો પાર લેવા કરે પરિયાણ । તે સમઝુ કેમ સમઝીયે, જે રાચ્યો રાંધવા પાષાણ ॥૪॥ એમ એવાને આગળે, ભોળા કરે ભક્તિની વાત । જેની દાઢ્યો ડાળ્યો ચાવી ગઈ, તે કેમ રે'વા દિયે પાત ॥૫॥ એવાને ઉપદેશ દેવો, એવો કરવો નહિ કેદિ કોડ । જે એ ભક્તિ અતિ ભજાવશે, એવો દિલે ન રાખવો ડોડ ॥૬॥ એમ ભાવ વિનાની ભગતિ, નર કરી શકે નહિ કોય । ભક્તિ કરશે ભારે ભાગ્યવાળા, જે ખરા ખપવાન હોય ॥૭॥ જેના હૃદિયામાં રુચિ ઘણી, ભક્તિ કરવા ભગવાનની । તેને ભક્તિ વિના ભાવે નહિ, ખરી અરુચિ રહે ખાનપાનની ॥૮॥ ભક્તિ વિના બ્રહ્મલોક લગી, લલચાવે નહિ ક્યાંઇ મન । રાત દિવસ રાચી રહે, સાચા કે'વાય તે હરિજન ॥૯॥ પ્રગટ પ્રભુની ભક્તિ વિના, જેને પળ કલપસમ થાય । નિષ્કુલાનંદ એવા ભક્તને અર્થે, હરિ રહે જુગજુગમાંય ॥૧૦॥ કડવું ॥૪૧॥

જુગોજુગ જીવન રહે જન હેતજી, જે જને સોંપ્યું તન મન સમેતજી। સહુશું તોડી જેણે પ્રભુશું જોડી પ્રીતજી, એવા ભક્તની કહું હવે રીતજી ॥૧॥ **ઢાળ—** રીત કહું હરિભક્તની હવે, જેણે પ્રભુ વિના પળ ન રે'વાયા જેમ જળ વિના ઝષના, પળ એકમાં પ્રાણ જાય ॥૨॥ અમૃત લાગે તેને મૃત જેવું, પંચામૃત તે પંકસમાન । શય્યા લાગે શૂળી સરખી, જો ભાળે નહિ ભગવાન ॥૩॥ શ્રીખંડ લાગે પંડ્યે પાવક જેવું, માળા લાગે મણીધર નાગ । હરિસેવા વિના હરિજનને, અન્ય સુખ થઇ ગયાં આગ ॥૪॥ વળી ભવન લાગે તેને ભાગસી, સંપત તે વિપત સરખી । કીર્તિ જાણે કલંકે ભરી, સુણી હૈયે ન જાય હરખી ॥૫॥ નિરાશી ઉદાશી નિત્યે રહે, વહે નયણમાં જળધાર । હરિ વિનાનું હોય નહિ, હરિજનને સુખ લગાર ॥૬॥ સૂતાં ન આવે નિદ્રા જેને, જમતાં ન ભાવે અન્ન । ભક્તિ વિના હરિભક્તને, એમ વરતે રાત ને દન ॥૭॥ ગાન લાગે શબ્દ સિંહ સર્પસમ, તાન લાગે તાડન તન । પડયું વિઘન જાણી તે પરહરે, ભક્તિ વિના ભાવે નહિ અન્ય ॥૮॥ પ્રભુ વિના જેના પંડમાં, પ્રાણ પીડા પામે બહુપેર । એવા ભક્તને ભાળી વળી, મહાપ્રભુ કરેછે મે'ર ॥૯॥ ભાખ્યા ગુણ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

હરિભક્તના, જોઈએ એવા જનમાં જરૂર । નિષ્કુલાનંદ કહે નાથ એવાથી, પળ એક રહે નહિ દૂર ॥૧૦॥ કડવું ॥૪૨॥

દૂર ન રહે એવા જનથી દયાળજી, રાત દિન રાખે એની રખવાળજી । જેમ જનની નિત્ય જાળવે બાળજી, એમ અતિ કૃપા રાખેછે કૃપાળજી ॥૧॥ **ઢાળ—** કૃપાળ એમ કૃપા કરી, સમેસમે કરેછે સંભાળના । નિત્યે નજીક રહી નાથજી, પળેપળે કરેછે પ્રતિપાળના ॥૨॥ ખાતાં પીતાં સૂતાં જાગતાં, ઘણી રાખેછે ખબર ખરી । ઉઠતાં બેસતાં ચાલતાં, હરેછે સંકટ શ્રીહરિ ॥૩॥ નર અમર મનુજાદથી, રક્ષા કરેછે રમાપતિ । ભૂત ભૈરવ ભવાનીના ભયને, રાખેછે તે રોકી અતિ ॥૪॥ અંતરશત્રુ ન દિયે કેદી ઉઠવા, નિશ્ચે કરીને નિરધાર । નિજભક્ત જાણીને નાથજી, વા'લો વે'લી કરે વળી વા'ર ॥૫॥પોતાને પીડા જો ઉપજે, તેને ગણે નહિ ઘનશ્યામ । પણ ભક્તની ભિડ્ય ભાંગવા, રહેછે તૈયાર આઠું જામ ॥૬॥ દેખી ન શકે દુઃખ દાસનું, અણું જેટલું પણ અવિનાશ । માને સુખ ત્યારે મનમાં, જ્યારે ટાળે જનના ત્રાસ ॥૭॥ સાચા ભક્તની શ્રીહરિ, સદા સર્વદા કરેછે સહાય । તે લખ્યાં છે લક્ષણ ભક્તનાં, હરિયે હરિગીતામાંય ॥૮॥ એવા ભક્તના અલબેલડો, પૂરેછે પૂરણ કોડ । તેહ વિનાના ત્રિશંકુ જેવા, રખે રાખો દલે કોઈ ડોડ ॥૯॥ એક ભેરવજપ બીજી ભગતિ, તે અણમણતાં ઓપે નહિ । નિષ્કુલાનંદ નક્કી વારતા, જે કે'વાની હતી તે કહી ॥૧૦॥ કડવું ॥૪૩॥

ભક્તિનિધિ આ ગ્રંથ જે ગાશેજી, ભક્તિનો ભેદ તેને જણાશેજી । સમઝીને પછી ભક્ત ભલો થાશેજી, ત્યારે બીજાં બંધનથી મૂકાશેજી ॥૧॥ **ઢાળ—** મૂકાશે બીજાં બંધનથી, રહેશે રાચી સાચી ભલી ભક્તિયે । ખરા ખોટાની ખબર ખરી, પડશે પોતાને તહિયે ॥૨॥ વિધવિધે વિચારશે, ધારશે ભક્તિ મન દઢ કરી । ભક્તિ વિના કોઈ ભલું કરવા, ભાળશે નહિ ભવમાં ફરી ॥૩॥ સહુથી સરસ સમઝશે, ભક્તિ અતિ ભગવાનની । તેને તોલ તપાસતાં, નહિ જડે જોડ એ સમાનની ॥૪॥ એવાને ભક્તિ અતિ ભાવશે, ગાવશે ગુણ ભક્તિતણા । જાણશે પોતાના જીવમાં, જે ભક્તિથી ઉદ્ધર્યા ઘણા ॥૫॥ મોટેમોટે વળી મહિમા, ભાખ્યો ભક્તિનો ભારે બહુ । તે ભક્તિ પ્રભુ પ્રગટની, સમઝુ સમઝી લિયો સહુ ॥૬॥ બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું । પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું ॥૭॥ માટે કોઈને એ કરતાં, ભાવ થાતો નથી ભીંતરમાં । પછી પ્રીત બાંધી ભક્તિ પરોક્ષમાં, ઘણું આદરી બેઠા ઘરોઘર ॥૮॥ જિયાં આવ્યું જેને બેસતું, તિયાં ભળી થયા ભગત । એવે ભક્તે આ બ્રહ્માંડ ભરિયું, એપણ જાણવી વિગત ॥૯॥ સાચી ભક્તિ શ્રીહરિ સંબંધી, વર્ણવી વારમવાર । નિષ્કુલાનંદ હવે નહિ કહે, સહુ સમઝજો નિરધાર ॥૧૦॥ કડવું ॥૪૪॥

**પદરાગ પરજ —** નિરધારી છે નિગમે વાતરે સંતો નિર૦ । થાયે ભક્તિયે હરિ રળિયાતરે; સંતો૦ ॥ ટેક — ભક્તિ વિના ભવ રોગ ન નાસે, રહે દુઃખ દિન રાત । ભક્તિ વિના ભટકણ ન ભાગે, સમઝી લેવું સાક્ષાતરે; સંતો૦ ॥૧॥ ભક્તિ કરીને ભક્ત હરિના, ઘણીઘણી ઉવૈયા ઘાત । ભક્તિ કરી ભારે ભાગ્ય જાગેછે, નથી એ વાત અખ્યાતરે; સંતો૦ ॥૨॥ ભક્તિ કરે તે ભક્ત હરિના, જોવી નહિ તેની જાત । ધન્ય ધન્ય એ જનનું જીવન, જેણે ભક્તિ કરી ભલી ભાતરે; સંતો૦ ॥૩॥ ભક્તિ કરી ખરી મોજ જેણે લીધી, તેણે થયા ભક્ત એ એકાંત । નિષ્કુલાનંદ કે' નાથ મળીને, દીધી ભક્તિની દાતરે; સંતો૦ ॥૪॥ પદ ॥૧૧॥

**પદરાગ ધોળ વધામણાનું —** ભક્તિ છે ભવજળ વહાણ, સિંધુ તરવા સુખરૂપછે એ । સમઝીને જુવો સુજાણ, પાર ઉતરવા એ અનુપ છે એ ॥૧॥ **ઢાળ—** એહ નાવથી જો અપાર, ઉતરિયા અર્ણવને એ । ન થાય તેનો નિરધાર, તો શું કરું તેના વર્ણવને એ ॥૨॥ ઉચ્ચ ને નીચ અનંત, પાર સહુને પોત કરે એ । એમ ભક્તિથી જાણજો જન, સુખ કાંઈ પામ્યા સરે એ ॥૩॥ ધન્ય એ ભક્તિ ઝાજ, તારી તરીયે તીર કર્યા એ । પામિયા સુખ સમાજ, તે ભક્તિ પ્લવે તર્યા એ ॥૪॥ બેઠા એ બેડીનેમાંયે, બુડવાની તો બીક ટળી એ । કરવું રહ્યું નહિ કાંય, બ્રહ્મમોહોલમાં બેઠા ભળી એ ॥૫॥ સંતને એ સુખરૂપ, હોડી રૂડી હરિભગતિ એ । કોણ ભિક્ષુ કોણ ભૂપ, સહુને આપે એ શુભ ગતિ એ ॥૬॥ એહ વિના નર નિરધાર, પાર તે કોઈ પામ્યા નહિ એ । શું કહિયે વારમવાર, સહુ સમઝીને કરો સહિ એ ॥૭॥ વખાણી વા'ણને તોલ, ભક્તિ અતિ ભવ તરવા એ । ભાગે આવે બ્રહ્મમો'લ, કેડે ન રહે કાંઈ કરવા એ ॥૮॥ ભક્તિથી નર અમર, અસુર પણ ઉદ્ધર્યા કંઈ એ । સદા સુખ થાવાનું ઘર, ભક્તિ વિના ભાળ્યું નઈ એ ॥૯॥ ભક્તિ વશ્ય

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ભગવાન, આવેછે અક્ષરધામથી એ । નક્કી એ વાત નિદાન, જૂઠી જરાયભાર નથી એ ॥૧૦॥ જેજે ધર્યા અવતાર, તે ભક્તની ભક્તિ જોઈને એ । નથી થાતો નિરધાર, જે આવે જાણ્યા બીજા કોઈથી એ ॥૧૧॥ જોઈ લીધું છે જરૂર, અવિનાશીનું આંહી આવવું એ । ભક્તિ ભાળી ભરપુર, ભક્તનું દુઃખ નસાવવું એ ॥૧૨॥ તે વિના કર્યો તપાસ, અલબેલો આંહી આવે નહિ એ ॥૧૩॥ બીજા ઉદ્યમ કરે છે અનેક, પણ ભક્તિવાળા ભાવે ઘણું એ । જેના તન મનમાં એ ટેક, જે કરવા ગમતું હરિતણું એ ॥૧૪॥ એવા ભક્ત જે કોઈ ભાવિક, હરિભક્તિ વિના ભાવે નહિ એ । કરી અંતરમાંય વિવેક, ગુણ બીજાનો ગાવે નહિ એ ॥૧૫॥ સર્વે સાધનમાંહિ સાર, ભક્તિ કળશ કંચનનો એ । રાખવો એનો આધાર, વિશ્વાસ વા’લાના વચનનો એ ॥૧૬॥ તો પામિયે પરમ આનંદ, જિત થાય જોયા જેવડી એ । એમ કે’છે નિષ્કુલાનંદ, સર્વે ઉપર સગ્ય ચડી એ ॥૧૭॥ સંવત સુંદર ઓગણીસ, વરસ યુગલ વખાણીયે એ । ચૈત્ર સુદી નૌમી દિનેશ, ગ્રંથ પૂરણ પરમાણિયે એ ॥૧૮॥ દો સોરઠા દોહા દોય, ચુંવાળીશ કડવાં કહીયે એ । પદ એકાદશ સોય, તેપર એક ધોળ લહીયે એ ॥૧૯॥ પંચ શૂન્ય પર આઠ, ભક્તિનિધિના ચરણ છે એ । કહે સુણે કરે પાઠ, તેને અભયકરણ છે એ ॥૨૦॥

## ઇતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુલાનંદ મુનિ વિરચિતે ભક્તિનિધિઃ સંપૂર્ણઃ

www.jayswaminarayan.org
www.bhujmandir.org